
# પ્રત્યારોપણ સમાચાર

વોલ્યુમ : ૧ નંબર : ૧
જાન્યુઆરી, ૨૦૨૪





ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ
(ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૦૯/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

શ્રીમતી ગુલાબબેન રસિકલાલ દોશી
અને
શ્રીમતી કમળાબેન મફતલાલ મહેતા
ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસીઝ
એન્ડ રીસર્ચ સેન્ટર

ડો. એચ. એલ. ત્રિવેદી ઈન્સ્ટીટ્યુટ
ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ

સ્ટેટ ઓર્ગન એન્ડ ટિસ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન (SOTTO-ગુજરાત)



## મુખ્ય સમાચાર

- ડો. પ્રાંજલ મોદીની IKDRC-ITSના નવા નિયામક તરીકેની નિમણુંક.
- IKDRC-ITSમા વિશ્વ કિડની દિવસની ઉજવણી.
- NOTTO_દ્વારા અંગ દાન અને ટ્રાન્સપ્લાન્ટેશનના કાનૂની કાયદા અંગેનો પરિસંવાદ.
- શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાઃ પૂજા અને આરતી.
- ૭૫માં પ્રજાસતાક દિવસ ની ઉજવણી.
- ડો. પ્રાંજલ આર મોદી ''સર્વિસ ઓફ ભારત ઈન ધ ફિલ્ડ ઓફ હેલ્થ'' થી સન્માનિત.
- બાળકો થકી અને બાળકો માટે નો અવયનદાન પ્રોગ્રામ.

## સંપાદકીય સમિતિ

ડો. પ્રાંજલ આર મોદી
ડો. મનીષા પી. મોદી
ડો. હિમાંશુ વી. પટેલ
શ્રીમતી પ્રિયદર્શિની શાહ
સુશ્રી જ્યોત્સના બી. સુથાર
શ્રી ધર્મેશ સોનગરા

અંગદાનનો સંકલ્પ-નવજીવનની ભેટ
QR કોડને સ્કેન કરો અને ડોનર કાર્ડ ભરીને અંગદાનના કાર્યનો સંકલ્પ કરો.

## નવા નિયામક ની નિમણુંક

શ્રીમતી જી આર દોશી અને શ્રીમતી કે એમ મહેતા ઈન્સ્ટીટ્યૂટ ઓફ કિડની ડિસીસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર - ડો. એચ. એલ. ત્રિવેદી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીઝ (IKDRC-ITS) નિયામક પદે ડો પ્રાંજલ આર મોદી ની નિમણુંક કરવામાં આવી છે. ડો પ્રાંજલ મોદી એ તા ૫ જાન્યુઆરી, ૨૦૨૪, શનિવારે પદભાર સંભાળ્યો તેઓ ગુજરાત યુનિવર્સીટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીઝ (GUTS) ના વાઇસ ચાન્સેલર પદ ની જ જવાબદારી પણ સંભાળી રહ્યા છે અને SOTTO – ગુજરાત (સ્ટેટ ઓર્ગન ટીસ્યુ ટ્રાન્સપ્લાનટેશન સાયન્સીઝ) ના કન્વેનર ની પણ જવાબદારી નિભાવી રહયા છે. વર્ષ ૧૯૯૫ મા યુરોલોજીના અભ્યાસ માટે જોડાયા અને આજ સંસ્થામાં યુરોલોજી અને ટ્રાન્સપ્લાન્ટ વિભાગમાં વડા તરીકે સેવાઓ આપી રહ્યા છે.

ડો પ્રાંજલ મોદી તેમનો જન્મ ૧૯૬૮માં અમદાવાદમાં અને ગાંધીવાદી પરિવાર માં થયો હતો તેમણે MBBS તબીબી શિક્ષણ અને MS સામાન્ય સર્જરીની તાલીમ એ એમ.પી. શાહ મેડિકલ કોલેજ, જામનગર ખાતે લીધી ત્યારબાદ તેઓ IKDRC-ITS માં યુરોલોજી ના અભ્યાસ માટે જોડાયા. વિષય અને દર્દીઓ પ્રત્યેની તેમની સખત મહેનત અને સમર્પણ સાથે તેમણે યુરોલોજીમાં પ્રોફેસર અને ટ્રાન્સપ્લાન્ટેશન સર્જરીના વડાના પદ સુધી પહોંચવા માટે શૈક્ષણિક સીડી પર ચડવાનું શરૂ કર્યું. જ્ઞાન અને સંશોધન માટેની તેમની તરસને કારણે તેઓ પ્રત્યારોપણ શસ્ત્રક્રિયાના ક્ષેત્રમાં વધુ ઊંડા ઉતર્યા.

સંસ્થા ના ફાઉન્ડેશન ડાયરેક્ટર સ્વ ડો .એચ .એલ ત્રિવેદી સાહેબ ઈચ્છા હતી કે તેમની સંસ્થામાં જેમ કિડની ટ્રાન્સપ્લાન્ટેશન થાય તેમ બીજા અવયવો જેમ કે લીવર,પેન્ક્રીયાઝ, હાર્ટ વગેરે અવયવોના પણ ટ્રાન્સપ્લાન્ટેશન થાય તે વિચારવાની સાથેજ ડો ત્રિવેદી સાહેબ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન ની તાલીમ માટે ડો પ્રાંજલ મોદીને સ્વીડન મોકલ્યા. ડો કાર્લગ્રોથ એ સ્વીડિશ ટ્રાન્સપ્લાન્ટ સર્જન અને નોબેલ કમિટીના ચેરમેન હતા તેમની સંસ્થા કેરોલિન્સ્કા યુનિવર્સિટી હોસ્પિટલ માં લીવર ટ્રાન્સપ્લાન્ટેશન ની ટ્રેનીંગ લીધી ત્યારબાદ વર્ષ ૨૦૦૮ માં IKDRC-ITS માં લીવર ટ્રાન્સપ્લાન્ટેશન શરૂઆત કરી . ભારત ભરમાં પબ્લિક સેક્ટર માં લીવર ટ્રાન્સપ્લાન્ટ કરનાર આ પ્રથમ સંસ્થા બની. લીવર ટ્રાન્સપ્લાન્ટેશન ની સારવાર મળે અને સારવાર વિના દર્દીનું મૃત્યુ ન થાય તે માટે તેમણે વ્યાપક પ્રવાસ કર્યો તેઓ આ ક્ષેત્રમાં કુશળતા વિકસાવી છે. કિડની અને લીવર માં સ્વીકારી તેનું પ્રત્યારોપણ શરુ કર્યું.

IKDRC-ITS માં આજે આ કાર્યક્રમને રાજ્ય સરકાર અને ભારત સરકારે વિશષ નોંધ લીધી છે દેશની સર્વોચ્ચ મેડિકલ શૈક્ષણિક સંસ્થા AIIMS, New Delhi માં પણ લીવર પ્રત્યારોપણ માટે તેમની નિમણુંક થઇ છે.



IKDRC-ITS નિયામક શ્રી ડો પ્રાંજલ આર મોદી

## NOTTO દ્વારા અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટેશનના કાનૂની કાયદા અંગે પરિસંવાદ

તા ૧૯/૧/૨૦૨૪ ના રોજ નવી દિલ્હી ખાતે 'એક રાષ્ટ્ર, એક નીતિ' ના વિઝન સાથે સમગ્ર દેશમાં અંગ દાન અને પ્રત્યારોપણ માટે સમાન કાયદાકીય અને નૈતિક માર્ગદર્શિકા રાખવાના ઉદ્દેશ્ય સાથે અંગ દાન અને પ્રત્યારોપણના કાનૂની અને નૈતિક પાસાઓ પર પરિસંવાદનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ પરિસંવાદ માં ટ્રાન્સપ્લાન્ટેશનના નિષ્ણતો અને જજનો એ હાજરી આપી સક્રિયપણે ભાગ લીધો અને મુખ્ય મહેમાન શ્રી ડો અતુલ ગોયલ, DGHS, Govt of India દ્વારા ડો પ્રાંજલ મોદી ને સન્માનિત કર્યા.





ડો અતુલ ગોયલ દ્વારા ડો પ્રાંજલ મોદી ને સન્માનિત

## શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાઃ પૂજા અને આરતી

અયોધ્યા માં બનેલ વિશાળ રામ મંદિર માં ભગવાન શ્રી રામ લલ્લા ની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થઇ પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ને રામમંદિર ની પ્રાણ પ્રતિષ્ઠા અભિષેક વિધિનું ઉદ્ઘાટન કર્યું. દેશભર માં આ ઉત્સવ નો માહોલ ઉજવાઈ ગયો. ભગવાન શ્રીરામ ની પ્રાણ પ્રતિષ્ઠા અવસરના દિવસે સમગ્ર ભારત માં વિવિધ પ્રકારના ભવ્ય કાર્યક્રમો યોજાયા.

આ ઉત્સવ નો માહોલ કિડની હોસ્પિટલ દ્વારા તા.૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ ભગવાન શ્રીરામ પ્રાણ પ્રતિષ્ઠા અવસર પર સંસ્થાના નિયામકશ્રી પ્રાંજલ મોદી દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું ત્યારબાદ શ્રી રામ ભગવાન ની પૂજા અને મહા આરતી સમૂહ માં કરવા માં આવેલી. સંસ્થામાં શ્રીરામ ભગવાન પ્રાણ પ્રતિષ્ઠા ના પ્રોગ્રામ માં સંસ્થાના સર્વે કર્મચારીગણ હાજર રહ્યા હતા.




નિયામકશ્રી ડૉ. પ્રાંજલ આર મોદી તથા ડીન ડૉ મનીષા પી. મોદી દ્વારા દીપ પ્રાગટ્ય અને કર્મચારીગણ સાથે ભગવાન શ્રીરામ ની પ્રાર્થના

## ૭૫માં પ્રજાસતાક દિવસ ની ઉજવણી

૭૫ માં પ્રજાસતાક દિવસની ઉજવણી પ્રિન્સિપાલ સેક્ટરી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર શ્રી ધનંજય દ્વિવેદી સાહેબ ની અધ્યક્ષતામાં મેડિસિટી સિવિલ કેમ્પસ માં કરવામાં આવી. જેમાં મેડિસિટી માં આવેલી તમામ સંસ્થા ના વડાઓએ ભાગ લીધો.



## ડો પ્રાંજલ આર મોદીને ''સર્વિસ  ઓફ ભારત ઈન ધ ફિલ્ડ ઓફ હેલ્થ'' થી સન્માનિત

ભારત મંડપ, નવી દિલ્હી ખાતે India News દ્વારા આયોજિત સમારંભ માં પ્રો. પ્રાંજલ આર મોદીને તારીખ ૮ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ ભારતના આરોગ્ય મંત્રી શ્રી મનસુખ માંડવિયા દ્વારા ''સર્વિસ  ઓફ ભારત ઈન ધ ફિલ્ડ ઓફ હેલ્થ હેલ્થ'' પુરસ્કાર થી સન્માનિત કરવા માં આવ્યા.






આરોગ્ય પ્રધાનમંત્રી શ્રી મનસુખ માંડવિયા હસ્તે  ડો પ્રાંજલ મોદી ને શાલ અને સન્માન પત્ર આપીને સન્માનિત

## બાળકો થકી અને બાળકો માટે નો અવયવદાન પ્રોગ્રામ

તા ૧૦/૩/૨૦૨૪, રવિવારે ના રોજ Organ Donation From Children For Children Pediatric Deceased Donor Organ Transplantation Donation & Program IPA - Indian Pediatric Association , SOTTO – ગુજરાત, GUTS, IKDRC-ITSના સયુંકત ઉપક્રમે યોજાયેલ પરિસંવાદમાં સિવિલ હોસ્પિટલ, અને યુ એન મહેતા હોસ્પિટલ ના નિષ્ણાતો ,જજ્જો, NGO અને મેડિકલ પેડિયાટ્રિશ્યન, એડમિનિસ્ટ્રેશન, દર્દીઓ, દાતાઓ તથા અન્ય અને લોકોએ હાજરી આપી સક્રિયપણે ભાગ લીધો.

બાળકોને બ્રેઈન ડેડ કેવી રીતે જાહેર કરવા તે અંગેના કાયદાઓ અને પ્રકિયા વિષે ચર્ચા થઇ, બાળકોના અંગ પ્રત્યારોપણ વિશેની વિષે સુવિધા ઉપલબ્ધ કરવાનો નિર્ણય IKDRC-ITS દ્વારા લેવામાં આવ્યો ખાસ કરીને છેલ્લા વર્ષમાં બ્રેઈન ડેડ બાળકોમાંથી અંગો પ્રાપ્ત કરી કિડની ઇન્સ્ટિટ્યૂટ માં કિડની અને લીવરના પ્રત્યારોપણ કરવામાં આવ્યા તે અંગેની ખાસ નોંધ લેવામાં આવી.

આ સમગ્ર પ્રોગ્રામ નું આયોજન કિડની ઈન્સ્ટીટ્યૂટના પીડિયાટ્રિક નેફ્રોલોજી વિભાગના વડા શ્રી ડૉ કિન્નરી વાળા તથા વિભાગના તમામ ફેકલ્ટી સ્ટાફ સાથે મળી કરેલું હતું. આ પરિસંવાદ માં  કુલ ૨૦૦ જેટલા ડોક્ટર અને ઈન્સ્ટીટ્યૂટ સ્ટાફ મેમ્બર્સ  હાજર રહ્યા હતા.







દીપ પ્રાગટ્ય તથા પરિસંવાદ

## વિશ્વ કિડની દિવસની ઉજવણી

વિશ્વ સ્તરે ૨૦૦૬થી માર્ચ મહિનાનો બીજો ગુરૂવાર 'વિશ્વ કિડની દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ વિશ્વમાં સમગ્ર લોકોને કિડનીનું આરોગ્યનું મહત્વ સમજાવી તેના રોગો અને નિદાન અંગે જાગૃતિ ફેલાવવાનોછે. આ વર્ષે ૧૪ મી માર્ચ, ૨૦૨૪ નાં રોજ આ દિવસ ઉજવવામાં આવ્યો હતો. કિડની ઇન્સ્ટિટ્યૂટ ના ઉપક્રમે  અમદાવાદના મેયર શ્રી પ્રતિભાબેન આર જૈન એ તા. ૧૪ ને ગુરુવારે વિશ્વ કિડની દિવસની દર્દી કલ્યાણ યાત્રાનો  આરંભ સવારે ૮.૦૦ વાગે આશ્રમ રોડ ઇન્કમટેક્સ ચાર રસ્તા પર મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવીને તથા લીલી ઝંડી ફરકાવીને રેલી નો આરંભ કરાવડાયો.

ઈન્સ્ટીટ્યૂટ ના બધાજ વિભાગ ના વડાઓ તથા સર્વેકર્મચારી ગણ ઉપરાંત  અગ્રણી મહાનુભાવો ,કીડની દર્દીઓ, સ્કૂલના વિદ્યાર્થીઓ, લેબોરેટરી, નર્સિંગ અને ફિઝિયોથેરાપી ના વિદ્યાર્થીઓ સર્વે રેલી માં જોડાયા હતા. લગભગ ૧૫૦૦ થી  વધારે લોકો એ આ રેલી માં ભાગ લીધોહતો.સંસ્થા ના દરેક વિભાગ ની માહિતી આપતાં બેનર્સ સાથે ૧૦ ટ્રકો અને ૨ ઊંટગાડી આકર્ષણ રૂપ રહ્યા હતા.રેલી પૂર્ણ થયા બાદ કિડની હોસ્પિટલના પ્રાંગણમાં શ્રી ભગવાનભાઈ જેઠાણી  દ્વારા બપોરે ભોજન ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

તેજ દિવસે બપોરે ૨ થી ૪ પીડિયાટ્રિક નેફ્રોલોજી વિભાગ દ્વારા કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાયેલ દર્દીઓ દ્વારા રસોત્સવ અને રમતોત્સવ નો પ્રોગ્રામ રાખેલ હતો આ પ્રોગ્રામ માં કિડની ની સારવાર લેતા અને અવયવ પ્રત્યારોપણ થયેલ બાળકોએ ડાન્સ, કિડની જાળવવી વિષય પર  નાટક રજુ કરેલ,પપેટ શો, જાદુગર શો, બાળકો અને સ્ટાફ માટે મહેંદી, નેઇલ આર્ટ વગેરે કાર્યક્રમો યોજવામાં આવ્યા તથા સાથે સાથે બાળકો ના આનંદ માટે મોટુ -પતલુ   (ટેડી બિયર) પણ  હાજર રહેલ.

ચાર બાળકો માટે અવયનદાન તેમના દાદા અથવા દાદી દ્વારા થયેલા તેથી તે દાદા - દાદીને સન્માનિત સન્માન પત્ર દ્વારા વિભાગના હેડ દ્વારા હેડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.





વિશ્વ કિડની દિવસની ઉજવણી





બાળકો નો પ્રોગ્રામમાંકેક કાપી ને ઉજવણી   અવયવ દાન માટે દાદી ને સન્માન પત્ર દ્વારા

## ઓર્ગન ડોનેશન માટે નો સેમિનાર

સુરત મેડિકલ કોન્સુલટન્સ એસોસિએશન એન્ડ અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ અને જીવનદીપ ઓર્ગન ડોનેશન ટ્રાન્સપ્લાનટેશન દ્વારા એક દિવસીય માટે તારીખ ૧૭/૩/૨૦૨૪ ના રોજ ઓર્ગન ડોનેશન સેમિનાર આયોજન થયું હતું અને આ સેમિનાર માં ડો પ્રાંજલ મોદી એ ભાગ લીધો હતો અને ઓર્ગન ડોનેશન કઈ રીતે થાય અને લોકો માં ઓર્ગન ડોનેશન માટે જાગૃતા આવે તે અંગે તેમને લેકચર આપેલ હતું તથા સિવિલ હોસ્પિટલમાંથી ડો રાકેશ જોશી અને શ્રી દિલીપ દેશમુખ (દાદા) અને ૧૦૦ જેટલા પ્રતિષ્ઠિત સામાજિક કાર્યકરો જોડાયેલા હતા આ સેમિનાર માં જોડાયેલ હતા.



સેમિનાર માં દીપ પ્રાગટ્ય કરતા મહાનુભાવો

## અભિનંદન

ગુજરાત યુનિવર્સીટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીઝ (GUTS) ના તબીબો તથા કર્મચારીઓ નીચે દર્શાવેલ તબીબી વિદ્યાર્થીઓને અભિનંદન તથા તેમની ભવિષ્યની કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવે છે.

- ડૉ. રુચિર ડી. દવે (ગોલ્ડ મેડલ), ડો.આકાશ શાહ, ડો. નૌવકા શાહ અને ડો. પ્રિયાંશ તાંબી, (DM Nephrology) માં ઉત્તીર્ણ - ડિસેમ્બર-૨૦૨૩ અને આ ચાર વિદ્યાર્થીઓ કિડની ઈન્સ્ટીટ્યૂટ માં આસીસ્ટન્ટ પ્રોફેસર માં જોડાયેલા છે.

- ડૉ. પ્રસાદ શ્રીનિવાસન, ડૉ. સ્પૂર્તિ વકીટી અને ડૉ. વિરેન્દ્ર સોની (M.Ch.-Urology) ઊત્તીણ - નવેમ્બર ૨૦૨૩. આ ત્રણ વિદ્યાર્થીઓ કિડની ઈન્સ્ટીટ્યૂટ માં આસીસ્ટન્ટ પ્રોફેસર માં જોડાયેલા છે.

- ડૉ. કલ્યાણ વિજય કુમાર બંદરુ, ફેલોશિપ ઇન એબ્ડોમિનલ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશનમાં ઊત્તીણ -નવેમ્બર ૨૦૨૩.

- ડૉ. આશિષ શર્મા અને ડૉ. ભારતી સકલાણી, રીનલ અને ટ્રાન્સપ્લાન્ટ પેથોલોજી માં (પી ડી સી સી - પોસ્ટ ડોક્ટરેટ સર્ટિફિકેટ કોર્સ) માં ઊત્તીણ - ફેબ્રુઆરી, ૨૦૨૪.

- ડૉ. જુહી એસ. શાહ, ફેલોશિપ ઈન લીવર એનેસ્થેસીયા ક્રિટીકલ કેર માં ઊત્તીણ -માર્ચ ૨૦૨૪.

## મૃતમસ્તિષ્ક દાતાઓ અંગોનું દાન તથા અવયવ પ્રત્યારોપણો

૧. ૪૫ વર્ષીય ગૃહિણી પોતાના પતિ અને બે બાળકો સાથે આણંદમાં રહેતી હતી. પતિ કેમીકલનો વ્યવસાય કરે છે. મોટી દીકરી ડોકટર ઓફ ફાર્મસીના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી હતી અને દીકરો ૧૦માં ધોરણમાં. એક માતા અને પત્ની તરીકેની પોતાની ભુમીકાને સરસ રીતે નિભાવતા તેમને સ્વપનેય ખ્યાલ ન હતો કે પરિવાર સાથે નો તેમનો સાથ બસ વિધાતાએ આટલો જ લખ્યો હતો. તારીખ ૧૨ ડીસેમ્બર, ૨૦૨૪ ના રોજ રાત્રે પરિવાર સાથે તેઓ બેઠા હતા આંનદ પ્રમોદ સાથે વાતચીત કરતા હતા ત્યાં અચાનક તેમને બ્રેઇન સ્ટ્રોક આવ્યો અને તેઓ બેભાન થઇ ગયા. પરિવાર આ જોઇ હેબતાઇ ગયો પણ તરત જ સ્વસ્થતા કેળવીને તેમણે તેમના ફેમીલી ડોકટરને બોલાવ્યા તેમણે બ્લડપ્રેશર માપતા ઘણું વધારે હતુ તેથી હોસ્પિટલ લઇ જવાની સલાહ આપી. પરિવાર તેમને આંણદ ખાતેની ઝાયડસ હોસ્પિટલ લઇ ગયા ત્યાં બ્રેઇન હેમરેજ હોવાનું નિદાન થયુ. ન્યુરોસર્જન ડોકટર સિધ્ધાર્થ મિસ્ત્રી એ ઓપરેશન કર્યુ અને ત્યારબાદ તેઓ ભાન માં આવ્યા. પતિ અને બાળકો ખુશ થઇ ગયા કે હવે મમ્મી જલ્દીથી ઘરે આવી જશે. પરતું ૨૯ ડીસેમ્બર,૨૦૨૪ ની રાત્રે તેમની તે આશા નિરાશામાં ફેરવાઇ ગઇ તેમની તબિયત ફરી કથળી અને તેમને છેવટે બ્રેઇનડેથ જાહેર કર્યા. હોસ્પિટલની ટીમે તેમને અંગદાન માટે સમજાવ્યા ત્યારે તેમની દીકરી જે ફાર્મસીમાં અભ્યાસ કરે છે તેણે તરત જ કીધુ કે આપણે આ સત્કાર્ય કરવુ જ જોઇએ અને પરિવારે તેમની સંમતિ આપી. સંમતિ મળતા જ SOTTO- ગુજરાતે અંગદાન માટેનુ સંકલન ત્વરીત હાથ ધર્યુ. તેમની કિડની, લીવરની ફાળવણી જે હોસ્પિટલોને કરી હતી તેમણે તાત્કાલીક આંણદ પહોંચી અંગોનો સ્વીકાર કર્યો અને તારીખ ૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ બે કિડનીઓ, લીવરનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું.

૨. દોઢ વર્ષનો માતા-પિતાનો એક માત્ર લાડકો દીકરો સુરતમાં રહેતો હતો. તેના પિતા HDFC બેંકમાં હોમલોન વિભાગમાં સેલ્સ એકિઝિક્યુટીવ તરીકે કામ કરે છે અને માતા ગૃહિણી છે. તારીખ ૨૮ ડીસેમ્બર,૨૦૨૪ ના રોજ સાંજે પોતાના ઘરના આંગણે રમતો હતો ત્યાં અચાનક રમતા રમતા પહેલા માળેથી નીચે પડી ગયો. માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા તે ત્યાં જ બેભાન થઇ ગયો. પરિવાર આ દ્રશ્ય જોઇ ડઘાઇ ગયો પરંતુ તરત જ તેને અમર ચિલ્ડ્રન હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો અને ડોકટર મેહુલ પંચોલી, ફોરમ વાઘેલા, પૂજા માંકડીયા અને પીડીયાટ્રીક ન્યુરોફીઝીશીયન ડોકટર મયંક દેત્રોજા એ તેની સઘન સારવાર શરુ કરી પણ તેની ઇજાઓ એટલી ગંભીર હતી હતી કે અંતે તેના બ્રેઇને કામ કરવાનું બંધ કર્યુ અને બ્રેઇનડેથ જાહેર કરવામાં આવ્યો. ડોકટરોની ટીમે પરિવાર ને તેના બ્રેઇનડેથ થયાની જાણ કરી અને તેના અંગોના દાન કરવા માટે સમજાવ્યું સાથે સાથે ડોનેટ લાઇફના શ્રી. નિલેશ માંડલેવાળાએ પણ અંગદાનનું મહત્વ પરિવાર ને સમજાવવા મહત્વનો ભાગ ભજવ્યો. પરિવારે ભારે હ્રદયે હકીકતને સ્વીકારી અને પોતાના વહાલસોયા થકી અંગોથી પીડાતા દર્દીઓને નવજીવન મળે તે માટે સંમતિ આપી. SOTTO-ગુજરાત સાથે સંકલન કરીને અમર ચિલ્ડ્રન હોસ્પિટલમાં ઓપરેશન થીયેટરની વ્યવસ્થા ન હોવાથી અંગોની પ્રાપ્તી માટે યુનાઇટેડ ગ્રીન હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો જ્યાં IKDRC-ITS ની ટીમે રોડ માર્ગે સુરત પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને કિડનીનો સ્વીકાર કર્યો. જ્યારે લીવર ROTTO (રીજીયોનલ ઓર્ગન એંડ ટીસ્યુ ટ્રાંસ્પ્લાંટ ઓર્ગેનાઇઝેશન) દ્વારા બીજા રાજ્યના દર્દીને ફાળવવામાં આવતા તેમની ટીમે લીવરનો સ્વીકાર કર્યો.ગ્રીન કોરીડોર ની વ્યવસ્થા સાથે અંગો ને અમદાવાદ લાવવામાં આવ્યા અને દર્દીઓમાં તે અંગોનું તારીખ ૦૩, જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ અંગોનું પ્રત્યારોપણ કરવામાં આવ્યુ.

૩. ૨૩ વર્ષીય નવપરણીત યુવક પોતાની પત્ની સાથે ભવિષ્યનાં સોનેરી સપનાઓને આંખોમાં આંજી તેને પુર્ણ કરવા રસોયા તરીકે કામ કરતો હતો. તેના માતા-પિતા નેપાળમાં રહેતા હતા અને તે પત્ની સાથે સુરતમાં રહેતો હતો.તેના ભાઇ અને બહેન પણ વર્ષોથી સુરતમાં સ્થાયી થયા છે. તારીખ ૦૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ બહેનના ઘરેથી પોતાના ઘરે પરત ફરતા હતા ત્યાં તેમના બાઇકને અજાણ્યા વાહનની ટક્કરથી અકસ્માત થયો હતો અને તેઓ રોડ ઉપર બેભાન અવસ્થામાં પડ્યા હતા. એક રાહદારી એ ૧૦૮ એમ્બ્યુલન્સ ને બોલાવી તેમને સિવિલ હોસ્પિટલમાં મોકલ્યા અને તેમના મોબાઇલથી ઘરે ફોન કરી પરિવારને તેમના અકસ્માતની જાણ કરી. પરિવાર તો આ સમાચાર સાંભળી હોશ ખોઇ બેઠો હતો પણ તરત જ તેઓ હોસ્પિટલમાં દોડી આવ્યા. હોસ્પિટલમાં તેમને આઇ.સી.યુ માં દાખલ કરવામાં આવ્યા અને સારવાર ચાલું કરવામાં આવી પણ ઇજાઓ એટલી ગંભીર હતી કે સારવારમાં સફળતા મળી નહી અને ડોકટરોની ટીમે તેમને બ્રેઇનડેથ જાહેર કર્યા. પરિવારે તેના મૃત્યું ને ભારે હ્રદયે સ્વીકાર્યુ પણે જ્યારે ડોકટર નિલેશ કાછડીયાએ તેમને અંગદાન માટે સમજાવ્યુ તો આ વિષય તેમના માટે એકદમ નવો જ હતો. પરિવારે જ્યારે અંગદાન અંગે નેપાળમા રહેતા માતા-પિતા સાથે ચર્ચા કરી અને તેમણે અંગદાનથી કોઇ ને નવું જીવન મળતુ હોય તો ભલે કરો તેવી મંજુરી આપી અને તેમના પત્ની, ભાઇ અને બહેને તેમની સંમતિ આપી. SOTTO-ગુજરાતને અંગદાન અંગે જાણકારી આપવામાં આવી અને તેણે તરત

જ સંકલન હાથ ધરી તેમની કિડની, લીવર અને હ્રદયની ફાળવણી જે હોસ્પિટલોને કરી હતી તેમણે તાત્કાલીક સુરત પહોંચી અંગોનો સ્વીકાર કર્યો અને તારીખ ૦૫ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ બે કિડની, લીવર અને હ્રદયનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યમાં સિવિલ હોસ્પિટલના મેડીકલ સુપ્રિટેન્ડન્ટ ડોકટર ગણેશ ગોવારીકર અને તેમની ટીમે સક્રીય સહકાર આપ્યો અને અંગદાતાના પાર્થીવ શરીરને નેપાળ સુધી પહોચાડવાની વ્યવસ્થા પણ કરી આપી.

૪. ભાવનગરના ૬૦ વર્ષીય ગૃહસ્થ હીરા ઘસવાના વ્યવસાયમાંથી નિવૃતી લઇને પત્ની, ત્રણ પુત્રો સાથેના સુખી પરિવાર સાથે આનંદથી રહેતા હતા. તારીખ ૦૫ જાન્યુઆરી,૨૦૨૪ ના રોજ સવારે ૮ વાગે ઘરેથી મંદિરમાં દર્શન કરવા નીકળ્યા હતા ત્યારે રસ્તામાં બેભાન અવસ્થામાં મળી આવ્યા. તેમને આ અવસ્થામાં જોઇ રાહદારીઓ એકત્ર થઇ ગયા તેમાંથી એક જણ તેમને ઓળખી ગયા કે અને સમય ના બગાડતા બીજા લોકોની મદદથી તેમને બાઇક ઉપર બેસાડીને તાત્કાલીક સર ટી. હોસ્પિટલમાં લઇ ગયા. બીજી બાજુ તેમના પરિવારને જાણ કરવામાં આવતા તેમનો સહુથી નાનો દીકરો અને અન્ય સંબધીઓ હોસ્પિટલમાં દોડી ગયા. તેમના બીજા બે દીકરાઓ અને પત્ની સુરતમાં હતા તેઓ પણ ભાવનગર આવવા નીકળી ગયા. હોસ્પિટલમાં સઘન સારવાર શરુ કરવામાં આવી પંરતુ બ્રેઇન હેમરેજ ના કારણે તેમના મગજમાં ગંભીર ઇજાઓ થઇ ચુકી હતી. અંતે ન્યુરો સર્જન ડોકટર રાજેન્દ્ર કાબરીયાએ પરિવારને તેમના બ્રેઇનડેથ થયા અંગેની માહીતી આપી અને સાથોસાથ તેમના અંગોના દાન કરવાથી અંગ ફેલ્યોરથી પીડાતા દર્દીઓને તેમના થકી નવજીવન મળશે તેવી સમજ આપી. પરિવારે આ માટે સંમતિ આપી. ડોકટર રાજેન્દ્ર કાબરીયાએ SOTTO- ગુજરાત ને જાણ કરી અને તેથી તાત્કાલીક અંગદાનના કાર્યને હાથ પર ધરવામાં આવ્યુ તેમાં સર ટી હોસ્પિટલના મેડીકલ સુપ્રિટેન્ડન્ટ જયેશ બ્રહ્મભટ્ટ અને ટીમે તેમા સક્રીય સહયોગ આપ્યો. જ્યાં IKDRC-ITS ની ટીમે રોડ માર્ગે ભાવનગર પહોંચી ઓપરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો. ગ્રીન કોરીડોર ની વ્યવસ્થા સાથે અંગો ને અમદાવાદ લાવવામાં આવ્યા અને દર્દીઓમાં તે અંગોનું તારીખ ૦૮, જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ પ્રત્યારોપણ કરવામાં આવ્યુ.

૫. ૩૩ વર્ષીય, અમદાવાદમાં ZOMATTO અને SWIGGYના ફૂડ પાર્સલ ને ઓર્ડર મુજબ લોકો સુધી પહોંચાડવાનું કામ યુવકના પરિવારમાં ૩૦ વર્ષીય પત્ની અને ૩ વર્ષીય દીકરી હતી. દિવસ રાત મહેનત કરીને તેમની દીકરીને ભણાવી ગણાવી સારુ જીવન આપવાનું સ્વપ્નું હતું. તારીખ ૦૫ જાન્યુઆરી, ૨૦૨૪ ની રાત્રે ૧:૧૫ વાગે પોતાના કામના ભાગરુપે પાર્સલ પહોંચાડવા માટે બાઇક ઉપર નીકળ્યા હતા ત્યાં ઉસ્માનપુરા ચાર રસ્તા ઉપર સામેથી આવતી બાઇકવાળાએ તેમને ટક્કર મારી અને તેઓ રસ્તા પર જોરથી માથાના ભાગે પટકાયા. તેમની સાથે જ કામ કરતા અન્ય સહકર્મી તેમની પાછળ જ આવતા હતા તેમણે તરત જ બાઇક ઉભી રાખીને ૧૦૮ એમ્બ્યુલંસ બોલાવી લીધી અને સિવિલ હોસ્પિટલ, અમદાવાદ માં લઇ જવામાં આવ્યા સાથો સાથ તેમના પિતાને અકસ્માતની જાણ કરી. પિતાએ તેમની પત્ની ને ફોન કર્યો અને આખો પરિવાર સિવિલ હોસ્પિટલમાં પહોંચી ગયો. સિવિલ હોસ્પિટલમાં તેમની સારવાર ચાલુ થઇ પત્ની અને પરિવારને આશા હતી કે જલ્દીથી તેમને સારું થઇ જશે પણ કિસ્મતને કંઇક બીજુ જ મંજુર હતુ માથાના ભાગે થયેલ ઇજાઓ એટલી ગંભીર હતી કે અંતે બ્રેઇનડેથ થવાના કારણે તેમનું મૃત્યુ નિશ્ચીત હતું. સિવિલ હોસ્પિટલના મેડીકલ સુપ્રિટેન્ડન્ટ ડોકટર રાકેશ જોષી અને ટીમે તેમને બ્રેઇનડેથ વિશે માહીતી આપી અને અંગદાન કરવા માટે સમજ આપવામાં આવી. પરિવારે જુવાનજોધ દીકરાના મૃત્યું ને ભારે હ્રદયે સ્વીકાર્યુ અને તેમના અંગોના દાન માટે સંમતિ આપી. સિવિલ હોસ્પિટલની ટીમે SOTTO- ગુજરાત ને જાણ કરી અને તેથી તાત્કાલીક અંગદાનના કાર્યને હાથ પર ધરવામાં આવ્યુ. જ્યાં IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો. દર્દીઓમાં તે અંગોનું તારીખ ૧૦ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ પ્રત્યારોપણ કરવામાં આવ્યુ.

૬. ૩૮ વર્ષીય યુવક મૂળ ઝારખંડના નિવાસી હતો. છુટક મજુરી કરીને પત્ની અને ૬ વર્ષની દીકરી અને ૪ વર્ષના દીકરાનું ભરણપોષણ કરતા. પત્ની અને બાળકો ઝારખંડ હતા જ્યારે એ પોતે જ્યાં મજૂરી મળે તે જગ્યાએ જતા હાલમાં તેમને સુરતમાં મેટ્રોનું કામ ચાલુ હતુ ત્યાં કામ મળતા મિત્રો સાથે મજુરી અર્થે સુરત રહેતા હતા. તારીખ ૦૮ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ તેમની રુમમાં નશાની હાલતમાં બેભાન અવસ્થામાં નીચે પડી ગયા હતા અને તેમને માથાના ભાગે ઇજા થયેલી હતી. તરત જ મેટ્રો ના ડોકટરે તેમને તપાસ્યા અને તેમને સિવિલ હોસ્પિટલ લઇ જવાનું કીધુ. તેમના મિત્રો તેમને સિવિલ હોસ્પિટલમાં લઇ ગયા અને તેમને આઇ.સી.યુ માં દાખલ કરવામાં આવ્યા. મિત્રો એ પરિવારને જાણ કરી. પરિવારમાંથી તેનો નાનો ભાઇ અને સાળો ઝારખંડ થી સુરત પહોચ્યા. જ્યાં ડોકટરો એ તેમના બ્રેઇનડેથ અંગે પરિવારને જાણ કરી. ડોકટર નિલેશ કાછડીયાએ અંગદાન કરવા સમજાવ્યાં. તેમના ભાઇ અને સાળાએ અંગદાન માટે સંમતિ આપી અને તેના પત્ની ને પણ સમજાવ્યું કે હવે તે તો પાછો નહી આવે પણ તેના અંગોનું દાન કરીને માનવતાનું કામ કરીએ અને પત્નીએ સંમતિ આપી. SOTTO- ગુજરાતને અંગદાન અંગે જાણકારી આપવામાં આવી અને તેણે તરત જ સંકલન હાથ ધરી તેમની કિડની, લીવર અને હ્રદયની ફાળવણી જે હોસ્પિટલોને કરી હતી તેમણે તાત્કાલીક સુરત પહોંચી અંગોનો સ્વીકાર કર્યો અને તારીખ ૧૪ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ બે કિડની, લીવર અને હ્રદયનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યમાં સિવિલ હોસ્પિટલના મેડીકલ સુપ્રિટેન્ડન્ટ ડોકટર ગણેશ ગોવારીકર અને તેમની ટીમે સક્રીય સહકાર આપ્યો.

૭. ૨૭ વર્ષીય યુવક મુળ બિહારના વતની હતો પરંતુ પરિવારના ભરણ પોષણ માટે કામધંધા અર્થે સુરતમાં રહેતા હતા. ફેક્ટરીમાં સંચા પર કામ કરતા હતા. પરિવારમાં માતા-પિતા, એક ભાઇ, પત્ની અને ૧ વર્ષના દીકરો છે.તારીખ ૧૪ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ રાત્રે ૯ વાગે તેમના મિત્ર સાથે બાઇક ઉપર જતા હતા ત્યાં બાઇક સ્લીપ થતા તેઓ ઓરામા ગામ પાસે પડી ગયા. તેઓ ઘટનાસ્થળે જ બેભાન થઇ ગયા તેથી મિત્ર એ પરિવારમાં જાણ કરી અને ૧૦૮ બોલાવી નજીકમાં આવેલ ઓલપાડ હોસ્પિટલમાં લઇ ગયા ત્યાંના ડોકટરે તેમને સુરતની સિવિલ હોસ્પિટલ ખાતે લઇ જવાની સલાહ આપી તેથી તેમના ભાઇ તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઇ ગયા. જંયા તેમની ગંભીર પરિસ્થિતી જોઇ તાત્કાલીક આઇ.સી.યુ માં દાખલ કરવામાં આવ્યા. સારવાર દરમ્યાન ન્યુરોફીઝીશીયન ડોકટર પરેશ ઝાંઝમેરા અને સિવિલ હોસ્પિટલની ટીમે તેમને બ્રેઇનડેથ જાહેર કર્યા. ત્યારબાદ ડોકટર નિલેશ કાછડીયા એ પરિવાર ને તેમના બ્રેઇનડેથ અને અંગદાન વિશે વિસ્તૃત માહીતી પુરી પાડી. પરિવાર માટે અંગદાન અંગેની કોઇ માહીતી ન હતી પરંતુ તેમણે ડોકટર નિલેશ કાછડીયાની વાતને સમજીને તેમના પત્ની, ભાઇ અને માતા-પિતા એ આ અંગે ચર્ચા કરી, પરિવારે સાબિત કર્યુ કે ભલે શિક્ષણનો અભાવ હોય પરંતુ જો અંગદાનના મહત્વને બરાબર સમજવામાં આવે તો અંગદાનનો નિર્ણય કોઇ પણ પરિવાર લઇ શકે છે. પરિવારની સંમતિ મળતા જ SOTTO- ગુજરાતે અંગદાન માટે સંકલન હાથ ધર્યુ. તેમાં સિવિલ હોસ્પિટલ, સુરતના મેડિકલ સુપ્રિટેન્ડન્ટ ડોકટર ગણેશ ગોવારીકર અને ટીમે તેમા સક્રીય સહયોગ આપ્યો. જ્યાં IKDRC-ITS ની ટીમે રોડ માર્ગે સુરત પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો. ગ્રીન કોરીડોર ની વ્યવસ્થા સાથે અંગો ને અમદાવાદ લાવવામાં આવ્યા અને દર્દીઓમાં તે અંગોનું તારીખ

૧૮ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ પ્રત્યારોપણ કરવામાં આવ્યુ.

૮. ૩૧ વર્ષીય યુવક પોતાના માતા-પિતા અને બે ભાઇઓ સાથે નવાપુરા ગામ, સુરત માં રહેતો હતા. જીવનનિર્વાહ માટે ખેતમજૂરી કરનાર પરિવાર માં તેઓ પણ ખેતમજૂરી કરીને માતા-પિતાને મદદરુપ થતા હતા. તારીખ ૧૩ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ મિત્રની સાથે બાઇક ઉપર તેમના શેઠના ઘરે જમવા જતા હતા ત્યાં કામરેજ ઉધોગનગર બ્રિજ નીચે પાછળથી ટેમ્પા વાળા એ ટક્કર મારી બને મિત્રો રસ્તા પર પટકાયા અને તેમને ગંભીર ઇજાઓ પહોંચી. લોકો ભેગા થઇ ગયા તેમાંથી એક જણાએ તેમના ફોન પરથી પરિવારને જાણ કરી અને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી કામરેજ સરકારી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા ત્યાંથી તેમની તબિયતની ગંભીરતા જોઇને સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. ત્યાં તેમને સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા બ્રેઇનડેથ જાહેર કરવામાં આવ્યા. ડોકટર નિલેશ કાછડીયા એ પરિવારને તેમના બ્રેઇનડેથ અને અંગદાન વિશે સમજ આપી અને માતા-પિતાએ તેમના પુત્રના તો જીવવાની કોઇ આશા રહી નથી પરંતુ તેના અંગો દ્વારા જો કોઇને નવજીવન મળતુ હોય તો અંગોનું દાન કરવુ જ છે તેવો નિર્ણય લીધો બને ભાઇઓ એ પણ આ નિર્ણયમાં તેમનો સાથ આપ્યો. અંગદાનની સંમતિ મળતાજ SOTTO- ગુજરાતે અંગદાન માટે સંકલન હાથ ધર્યુ. IKDRC-ITS ની ટીમે રોડ માર્ગે સુરત પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો. જ્યારે ફેફસા ROTTO (રીજીયોનલ ઓર્ગન એંડ ટીસ્યુ ટ્રાંસ્પ્લાંટ ઓર્ગેનાઇ-ઝેશન) દ્વારા બીજા રાજ્યના દર્દીને ફાળવવામાં આવતા તેમની ટીમે ફેફસાઓનો સ્વીકાર કર્યો.ગ્રીન કોરીડોર ની વ્યવસ્થા સાથે અંગો ને અમદાવાદ લાવવામાં આવ્યા અને દર્દીઓમાં તે અંગોનું તારીખ ૧૯, જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ અંગોનું પ્રત્યારોપણ કરવામાં આવ્યુ.

૯. મુળ માળીયા હાટીના ૫૫ વર્ષીય ગૃહસ્થ ડ્રાયવીંગ કરતા હતા. પત્ની, પુત્ર અને પુત્રીનો નાનકડો પરિવાર આનદથી જીવતો હતો. પુત્ર પણ ડ્રાયવીંગ કરીને પિતાને મદદરુપ થતો અને પુત્રીને સાસરે વળાવી હતી. તેઓ ઓટો રિક્ષા લઇ ને નીકળ્યા હતા અને પાણીંદ્રા ગામના પાટીયા પાસે રિક્ષા પલ્ટી ખાઇ ગઇ જેમાં તેમના માથાના ભાગે ગંભીર ઇજાઓ થઇ હતી. આપણાં ત્યાં લોકોના અતંરાત્મામાં બીજાને મદદરુપ થવાની ભાવના હોય છેતેના કારણે લોકો ભેગા થઇ ગયા તેમણે તેમને કચડાઇ ગયેલી રીક્ષામાંથી બહાર કાઢવામાં મદદ કરી. જેમાંથી એક વ્યક્તી તેમને ઓળખી ગયો અને તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલંસ બોલાવી તેમને કેશોદના સાંગાણી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા જ્યા તેમના દિકરા સાથે પરિવાર પણ દોડી આવ્યો. પિતાની ગંભીર સ્થિતિને પારખી દિકરો પિતાને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લઇ આવ્યો જ્યાં તેમની સઘન સારવાર ચાલું થઇ. પંરતુ વિધિના લેખને કોણ ટાળી શક્યું છે. બ્રેઇનડેથ થવાના કારણે તેમનું મૃત્યું નિશ્ચિત હતુ. સિવિલ હોસ્પિટલના મેડીકલ સુપ્રિટેન્ડન્ટ ડોકટર રાકેશ જોષી અને ટીમે તેમને બ્રેઇનડેથ વિશે માહીતી આપી અને અંગદાન કરવા માટે સમજ આપવામાં આવી. દીકરાએ પિતાના અંગોના દાન કરવાની સંમતિ આપી અને તેના આ કાર્યને પરિવારે સાથ આપ્યો. સિવિલ હોસ્પિટલની ટીમે SOTTO- ગુજરાત ને જાણ કરી અને તેથી તાત્કાલીક અંગ-દાનના કાર્યને હાથ પર ધરવામાં આવ્યુ. જ્યાં IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને બંને કિડનીનો સ્વીકાર કર્યો અને યુ.એન. મહેતા હોસ્પિટલે તેમના હ્રદય નો સ્વીકાર કર્યો. દર્દીઓમાં તે અંગોનું તારીખ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ પ્રત્યારોપણ કરવામાં આવ્યુ.

૧૦. કચ્છ જીલ્લાના ઝીંકડી ગામના ખેડુત પરિવારનો સહુથી નાનો ૧૪ વર્ષનો દીકરો ૮ માં ધોરણમાં અભ્યાસ કરતો હતો. ૪ વર્ષની ઉમરથી જ મગજમાં સાદી ગાંઠ હતી. પરંતુ તેના કારણે તેને તે વખતે કોઇ તકલીફ પડતી ન હતી ડોકટરોએ પણ કીધુ કે હાલમાં કશુ કરવાનું નથી. ધીમે ધીમે તે બાળકમાંથી કિશોરાવસ્થામાં પહોંચ્યો, પણ હવે વિધીના લેખ કંઇક જુદા લખાયેલા હતા. દિવાળીના વેકેશનમાં મોટા ભાઇની પાછળ બેસીને એકટીવા પર વાડીએ જતો હતો ત્યાં એકટીવા સ્લીપ થઇ જતા તે પડી ગયો અને માથાના ભાગે વાગ્યુ. ત્યારથી જ મગજમાં પાણી ભરાઇ જવાની તકલીફ થવા માંડી તેના મગજમાં સ્ટેન્ટ પણ મુક્યો હતો. ધીરે ધીરે તેને જોવામાં તકલીફ પડવા માંડી. માતા-પિતાએ ઘણા ન્યુરો-સર્જન, ન્યોરોફીઝીશીયનો ના અભિપ્રાય લીધા પરંતુ બધેથી નિરાશા સાંપડી. છેવટે તેનુ ખાવાનુ પણ બંધ થઇ ગયુ તેથી પરિવાર તેને મોરબીની આયુષ હોસ્પિટલમાં લઇ ગયો જ્યાં તેની સર્જરી કરવામાં આવી પંરતુ તેમાં રીકવરી ન આવી છેવટે તે બ્રેઇનડેથ થયો. તેના પિતરાઇ ભાઇ અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપક શ્રી દીલીપ દેશમુખ જેમને લોકો દીલીપ દાદા ના નામે ઓળખે છે તેમના અંગદાનના કાર્ય સાથે સંકળાયેલા હતા તેમણે દીલીપ દાદાને પરિવારને મળવા હોસ્પિટલમાં બોલાવ્યા તેમણે અને ન્યુરોસર્જન ડોકટર મિલન મકવાણાએ પરિવાર ને અંગદાન માટે માર્ગદર્શન આપ્યુ, અંગદાન વિશે પરિવારને થોડી ઘણી માહીતી હતી તેમણે તરત જ અંગદાનનો નિર્ણય લીધો. આયુષ હોસ્પિટલના ડોકટર અમીત ડોડીયાએ SOTTO- ગુજરાત સાથે સંકલન કરીને અંગદાન માટેની કાર્યવાહી કરી. તેમના દ્વારા જે હોસ્પિટલોને અંગોની ફાળવણી કરવામાં આવી હતી તેમણે રોડ માર્ગે મોરબી પહોંચી અને તેના કિડની, લીવર અને ફેફસાનો સ્વીકાર કર્યો અને ગ્રીન કોરીડોરની સહાયથી અંગોને અમદાવાદ પહોંચાડવામાં આવ્યા. તેમની બે કિડનીમાંથી એક કિડની IKDRC-ITSના બાળ દર્દીને ફાળવવામાં આવી અને બીજી કિડની બીજી હોસ્પિટલના બાળ દર્દીને ફાળવવામાં આવી. લીવર અને ફેફસાના દાનથી ચાર દર્દીઓને નવજીવન મળ્યું. મોરબીથી પ્રથમ વાર જ અંગ-દાન કરવામાં આવ્યું છે જે બીજા લોકો માટે પણ પ્રેરણારુપ બન્યું છે.

૧૧. ૫૯ વર્ષીય ગુજરાતી એક્ટર, સ્ક્રીપ્ટ રાઇટર, ડાયરેક્ટર, ગીતોના રચનાકાર એવા બહુમુખી પ્રતીભા ધરાવતા વ્યક્તિત્વના સ્વામીનુ કલા જગતમાં ઘણું મોટુ નામ હતુ. તેમણે સમાજમાં જે દુષણો હોય તેના વિષે લોકોમાં જાગૃતી આવે તે માટે ઘણા નાટકો લખ્યા હતા. તેમની ઉત્કૃષ્ટ કામગીરી માટે તેમને નેશનલ એવોર્ડ પણ એનાયત થયેલ છે. તેઓ પરિવાર સાથે જેમાં પત્ની અને બે દીકરાઓનો સમાવેશ થાય છે. તેમની સાથે રાજકોટમાં રહેતા હતા. તારીખ ૨૩ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ સવારે ઘરે તેમને બ્રેઇન સ્ટ્રોક આવ્યો અને તેઓ બેભાન થઇને નીચે પડી ગયા. પરિવાર તેમેને યુનીક કેર હોસ્પિટલમાં લઇ ગયા ત્યાં પ્રાથમીક સારવાર આપી તેમને વોખર્ટ હોસ્પિટલમાં લઇ ગયા ત્યાં ન્યુરોસર્જન ડોકટર વિકાસ જૈને ઓપેરેશન કરીને બ્રેઇનની વેઇન માંથી ક્લોટ રીમુવ કર્યા અને પરિવાર પાછા તેમને યુનીક હોસ્પિટલમાં લઇ ગયા પરતું ૨૪ જાન્યુઆરી,૨૦૨૪ માં તેમને હાર્ટ એટેક આવ્યો અને તેમની તબિયત કથળતી ગઇ છેલ્લે તેમને બી.ટી.સવાણી હોસ્પિટલમાં લઇ જવામા આવ્યા પરંતુ તેમનુ બ્રેઇન ડેથ થઇ ચુક્યું હતુ. તેમના દીકરાને પિતાના આ શબ્દો યાદ આવ્યા કે “મારું જીવન વૃક્ષ જેવુ રહેશે જીવે ત્યારે પણ કામ આવે અને મર્યા પછી પણ કામ આવે” અને દીકરાએ માતા સાથે વાત કરી પિતાના અંગોનું દાન કરીને મૃત્યુ પછી પણ તેમનું જીવન લોકો માટે ઉપયોગી થાય તે માટે આપણે અંગદાન કરીએ તો કેવું? માતાએ તરત જ હા ભરી અને તરત જ હોસ્પિટલે SOTTO- ગુજરાતને જાણ કરી. SOTTO- ગુજરાત દ્વારા જે હોસ્પિટલોને અંગોની ફાળવણી કરી તેમણે કિડની અને લીવરનો સ્વીકાર કર્યો અને ૨૫ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ તે અંગોનુ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યું.

૧૨. અમદાવાદના રેલ્વે વિભાગમાં કામ કરતા ૫૭ વર્ષીય ગૃહસ્થ કાલુપુર રેલ્વે સ્ટેશનમાં ક્લાર્કનું કામ કરતા હતા. પરિવારમાં બે બહેનોનો છે.

જેમાંથી એક બહેન પરિણીત છે અને બીજી બહેન LLM નો અભ્યાસ કરેછે. તારીખ ૨૩ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ તેમની ૬ થી ૨ ની નોકરી હતી તે ઓફીસમાં કામ કરતા હતા અને બપોરે ૧૨:૧૫ વાગે તેમને ઉલ્ટી થઇ અને ચક્કર આવવા લાગ્યા. સહકર્મીઓ એ તેમને આરામ કરવાનું કીધુ થોડીવાર આરામ કર્યા બાદ ઉભા થવા ગયા પરંતુ તેમનાથી ઉભા જ ન થવાયુ. તરત જ તેમને સાબરમતી રેલ્વે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા જંયા હોસ્પિટલના ડોકટરે તેમની સારવાર અહીયા નહી થઇ શકે તેથી તેમને સાલ હોસ્પિટલમાં મોકલવાની સલાહ આપી. તેથી પરિવાર તેમને સાલ હોસ્પિટલ્માં લઇ ગયો ત્યાં તેમને ખેંચ આવવા માંડી, તાત્કાલીક તેમને વેન્ટીલેટર પર મુકવામાં આવ્યા. એમ.આર.આઇ ના રિપોર્ટથી સ્પષ્ટ થયું કે સ્ટ્રોકના કારણે તેમના મગજને ઘણું નુકશાન થઇ ચુક્યુ હતુ. છેવટે તેમને બ્રેઇનડેથ જાહેર કરવામાં આવ્યા. તેમના પિતરાઇ ભાઇ અંગદાનનું મહત્વ જાણતા હતા તેમણે તેમની બંને બહેનો ને આપણો ભાઇ તો પરત આવવાનો નથી પણ તેમના અંગદાન કરીને બીજા દર્દીઓને નવજીવન આપીએ અને એમ કરવાથી ભાઇ બીજા દર્દીઓમાં જીવતો રહેશે. બંને બહેનો એ સંમતિ આપી અને અંગદાનની કાર્યવાહી SOTTO-ગુજરાત દ્વારા હાથ ધરવામાં આવી તેમાં સાલ હોસ્પિટલના ઈંટેસ્ટીવીસ્ટ ડોકટર રાજ રાવળ અને મેનેજન્ટનો સહકાર મળ્યો. તેમના કિડની અને લીવરનો IKDRC-ITS ની ટીમે સ્વીકાર કર્યો અને ૨૭ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ તેમના અંગોના પ્રત્યારોપણ કરવામાં આ ા ૮ય ા .

૧૩. ૪૪ વર્ષીય ગૃહસ્થ મુળ પાલઘર, મહારાષ્ટ્રના વતની હતા. પ્રાઈવેટ કંપનીમાં ડાઇનું કામ કરતા હતા અને પરિવારમાં પત્ની અને બે દીકરીઓ છે. તારીખ ૨૪ જાન્યુઆરી,૨૦૨૪ ના રોજ સવારે ૭:૧૫ વાગે અચાનક તેમને ચક્કર આવ્યા પત્નીએ તેમને નીચે બેસાડ્યા અને તરત જ ખેંચ આવવાની ચાલુ થઇ. પરિવાર હજુ કશુ સમજે તે પહેલા જ તેઓ બેભાન થઇ ગયા. તાત્કાલીક તેમને નજીકની ઢવળે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા ત્યાં ડોકટરો એ ગંભીરતા પારખીને વલસાડની સિવિલ હોસ્પિટલમાં લઇ જવાની સલાહ આપી. પરિવાર તેમને વલસાડ લઇ આવ્યો અને ત્યાંથી તેમને સુરત સિવિલમાં લઇ જવાની સલાહ મળી. પરિવાર પોતાના સ્વજનને બચાવવા સુરત સિવિલ ખાતે લઇ આવ્યા. ત્યાં તેમની સારવાર ચાલુ થઇ પણ હેમરેજના કારણે તેમના મગજને ગંભીર નુકશાન થઇ ચુક્યુ હતુ. તેમને સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા બ્રેઇનડેથ જાહેર કરવામાં આવ્યા. ડોકટર નિલેશ કાછડીયા દ્વારા તેમને અંગદાન માટે સમજાવવામાં આવ્યા ત્યારે પરિવાર અંગદાન એટલે શુ તે પણ જાણતા ન હતા. પંરતુ ધીરે ધીરે પરિવારમાં ચર્ચા કરતા તેમની પત્ની અને બે દીકરીઓના મનમાં અંગદાન દ્વારા આપણે પણ કોઇક ને નવું જીવન આપીએ તે દ્રઢ થતુ ગયુ અને તેમણે અંગદાનની સંમતિ આપી. અંગદાનની સંમતિ મળતા જ SOTTO-ગુજરાતે અંગદાન માટેનુ સંકલન ત્વરીત હાથ ધર્યુ. તેમની કિડની, લીવરની ફાળવણી જે હોસ્પિટલોને કરી હતી તેમણે તાત્કાલીક સુરત પહોંચી અંગોનો સ્વીકાર કર્યો અને તારીખ ૨૭ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ બે કિડની, લીવર અને હ્રદયનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું.

૧૪. ૨૫ વર્ષનો તરવરીયો જુવાન વડોદરા નિવાસી દંપતી નો એકમાત્ર દિકરો હતો. માતા-પિતાની ઘણી આશાઓ તેની સાથે બંધાયેલી હતી. સીએસ નો અભ્યાસ કરીને ઇન્ટર્ન્શીપ કરી રહેલા આદિત્ય એ તેના ભવિષ્ય માટે ઘણા સપના સેવ્યા હતા. પણ વિધાતાને કંઇક બીજુ જ મંજુર હતુ. તારીખ ૨૩ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ જે ઓફિસમાં તેની ઇન્ટર્ન્શીપ ચાલુ હતી ત્યાં જમીને વોશરુમમાં હાથ ધોવા ગયો અને બહાર આવ્યો અને તે બેભાન થઇ નીચે પડી ગયો. ઓફિસના લોકો તેને નજીકની નરહરી હોસ્પિટલમાં લઇ ગયા ત્યાં તેમણે જણાવ્યુ કે તેને હાર્ટએટેક આવ્યો છે. માતા-પિતા પણ ત્યાં દીડી આવ્યા. તેને વધુ સારવાર માટે બેન્કર હાર્ટ ઇન્સ્ટીટ્યુટ માં લઇ જવામાં આવ્યો. ત્યાં એમ.આર.આઇ ના રિપોર્ટ પરથી સ્પષ્ટ થયુ કે તેના મગજની નસમાં ક્લોટ હતો. ડોકટર ભાવીન ઉપાધ્યાય ન્યુરોસર્જન એ ઓપરેશન કરીને ક્લોટ કાઢ્યો ત્યારબાદ તેને સારુ પણ થવા લાગ્યું હતુ. પરંતુ બે દિવસ પછી ફરીથી સ્ટ્રોક થયો અને અંતે તેને બ્રેઇનડેથ જાહેર કરવામાં આવ્યો. તેના પિતાને તેના બ્રેઇનડેથ થયાની જાણ કરવામાં આવી અને તમે અંગદાન કરીને અંગ ફેલ્યોરથી પીડાતા દર્દીઓને નવજીવન આપી શકો છે તેમ હોસ્પિટલ ટીમ દ્વારા જણાવવામાં આવ્યું. તેણે પિતાને તેના જીવતા જ તેની ઇચ્છા જો તેનું મૃત્યું થાય તો તેના અંગોનું દાન કરવાની છે તેમ જણાવ્યું હતુ તે પિતાને યાદ આવ્યુ અને તરતજ તેમણે દીકરાની ઇચ્છા પુરી કરવા માટે સંમતિ આપી દીધી. ડોકટર દિપાલી કે જેઓ રેલ્વે હોસ્પિટલમાં આંખોના ડોકટર છે અને ઓર્ગન ડોનેશન ની પ્રક્રીયા સાથે સક્રીય રીતે સંકળાયેલા છે તેમણે SOTTO-ગુજરાતને જાણ કરી. SOTTO-ગુજરાતે અંગોની ફાળવણી જે હોસ્પિટલો ને કરી હતી તેમણે વડોદરા જઇને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો અને તારીખ ૦૨ અપ્રિલ, ૨૦૨૪ ના રોજ તે અંગોના પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

૧૫. ૧૭ વર્ષીય કિશોર સુરતની સ્કુલમાં ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતો હતો. તેના પિતા રેલ્વેમાં નોકરી કરે છે જ્યારે માતા ગૃહિણી છે. મોટી બહેન કોલેજનો અભ્યાસ કરે છે. નાનકડા સુખી પરિવાર નો આ લાડકો અભ્યાસમાં હોંશીયાર હતો અને માતા-પિતા ને તેનાથી ઘણી આશાઓ હતી. તારીખ ૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ સવારે પ્રી બોર્ડની પરીક્ષા આપવા ઘરેથી નીકળ્યો અને રસ્તો ક્રોસ કરતા કાર ચાલકે તેને ટક્કર મારી લોકો ભેગા થઇ ગયા સ્કુલ ડ્રેસ પરથી તેની ઓળખાણ તરત જ થઇ અને તેને સનશાઇન ગ્લોબલ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો ત્યાંથી તેને મેટાસ એડવેંટીસ્ટ હોસ્પિટલમાં ખસેડાયો. જંયા તેની સઘન સારવાર શરુ થઈ પરંતુ મગજમાં એટલી ગંભીર ઇજાઓ થઇ હતી કે તેના સારા થવાની કોઇ આશા રહી ન હતી.. ન્યુરો સર્જન ડોકટર પ્રશાંત પટેલ અને ટીમે તેને બ્રેઇંડેથ જાહેર કર્યા. પોતાના વ્હાલસોયાની સ્થિતિ જોઇ પરિવાર આઘાતમાં સરી પડ્યો પરંતુ તેના પિતાના મિત્રનુ અગાઉ બ્રેઇનડેથ થયું હતુ અને તેમના અંગોના દાન કરવામાં આવ્યા હતા આ કિસ્સો પિતા માટે પ્રેરણારુપ હતો જ અને તેમાં ડોકટર પ્રશાંત પટેલ, ડોકટર વત્સા પટેલ, જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉંડેશન ના પિયુષ ગોંડલિયા, વિપુલ તળાવીયા અને ડોકટર નિલેશ કાછડીયા એ પરિવારને અંગદાન માટે સમજાવ્યા અને માર્ગદર્શન આપીને નિર્ણય લેવામાં સહાયરુપ બન્યા. પરિવારની સંમતિ મળતા જ SOTTO- ગુજરાત દ્વારા અંગદાનની પ્રક્રીયા હાથ પર ધરવામાં આવી. IKDRC-ITS ની ટીમે રોડ માર્ગે સુરત પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો. યુ.એન મહેતાની ટીમે તેના હ્રદયનો સ્વીકાર કર્યો. ગ્રીન કોરીડોર ની વ્યવસ્થા સાથે કિડની અને લીવરને રોડ માર્ગે અમદાવાદ લાવવામાં આવ્યા અને હ્રદય ને વિમાન માર્ગે લાવવામાં આવ્યું. ચારેય અંગોનું તારીખ ૦૫ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

૧૬. મુળ રાજસ્થાનના અને વર્ષોથી અમદાવાદ સ્થાયી થયેલ ૬૪ વર્ષીય ગૃહસ્થ બંધ મિલમાં ગાર્ડનું કામ કરતા હતા. મધ્યમવર્ગીય પરિવારમાં ગૃહીણી પત્ની, બે દીકરીઓ અને દીકરા નો સમાવેશ થાય છે. બે દીકરીઓ માંથી એક દીકરીને પરણાવેલ અને બીજી દીકરી અભ્યાસ કરે છે. દીકરો પ્રાઇવેટ જોબ કરી પિતાને મદદરુપ થતો હતો. તારીખ ૦૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના દિવસે તેઓ કામ કરીને સાયકલ ઉપર ઘરે આવવા નીકળ્યા હતા અને મેમ્કો બ્રીજ પર અજાણ્યા વાહને તેમને ટક્કર મારી અને તે રસ્તા પર પડી ગયા. ઘટનાસ્થળે જ બેભાન થયેલા તેમને એક ગ્રુહસ્થ જે જોગીંગ માટે નીકળ્યા હતા તરત જ તેમની મદદે આવ્યા. ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી અમદાવાદની સિવિલ હોસ્પિટલ

ખાતે તેમને લઇ ગયા તેમના ખિસ્સાના વોલેટમાં મામાના દીકરાનો ફોન મળ્યો તેની પર સંપર્ક કરી પરિવાર ને જાણ કરી. તેમની દીકરી અને સંબધીઓ હોસ્પિટલ દોડી આવ્યા. દીકરો અરુણાચલ ગયો હતો તે પણ પિતાના સમાચાર જાણી અમદાવાદ આવવા નીકળી ગયો. પિતાના બ્રેઇનડેથ વિશે જાણી તેને આઘાત લાગ્યો તરત જ પોતાના દુ:ખ ઉપર કાબુ મેળવી તેણે સિવિલ હોસ્પિટલની ટીમ ને અંગદાનની સંમતિ આપી અને પરિવાર ને પણ સમજાવ્યા. અંગદાનની આ કાર્યમાં SOTTO-ગુજરાતને સિવિલ હોસ્પિટલ,અમદાવાદના મેડિકલ સુપ્રીટેન્ડન્ટ ડોક્ટર રાકેશ જોષી અને તેમની સંપુર્ણ ટીમે તેમા સક્રીય સહયોગ આપ્યો. જ્યાં IKDRC-ITS ની ટીમે ઓપેરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો.

૧૭. ૪૮ વર્ષીય ગૃહીણી સુરત નિવાસી હતા. તેમના પતિ સુથાર કામ કરે છે અને ત્રણ બાળકો પૈકી મોટો દીકરો પ્રાઇવેટ નોકરી કરે છે, નાનો દીકરો અભ્યાસ કરે છે અને દીકરીને સાસરે વળાવી છે. તેમની ભત્રીજી ના લગ્ન હોવાથી તેઓ બહુજ આંનદમાં હતા અને તેના લગ્નના દરેક કાર્યમાં ઉત્સાહ ભેર ભાગ લેતા હતા. તારીખ ૦૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ ભત્રીજીના લગ્નના આયોજન માટે રાત્રે પતિની સાથે વરાછા ભાઇના ઘરે ગયા હતા અને ત્યાંથી પાછા ફરતા પુરઝડપે આવી રહેલી ગાડી એ તેમને ટક્કર મારી. દંપતી રસ્તા પર પટકાયા તેમા પતિને સામાન્ય ઇજાઓ થઇ પણ તેમને માથાના ભાગે વધું વાગ્યુ હતુ. લોકોઅકસ્માતની જગ્યાએ ભેગા થઇ ગયા અને તેમણે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી બંનેને પી.પી.સવાણી હોસ્પિટલમાં લઇ ગયા. કમનસીબે માથાના ભાગની ગંભીર ઇજાના કારણે તેમનું બ્રેઇંડેથ થઇ ગયું હતુ. હોસ્પિટલની ટીમ અને જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉંડેશને પરિવારને અંગદાન માટે સમજાવ્યા. તેમના પતિ એ દેહદાન માટે તેમનું નામ લખાવ્યુ હતુ તેથી અંગદાન નું મહત્વ તે સુપેરે જાણતા હતા અને તેમણેઅને તેમના દીકરા એ સંમતિ આપી. SOTTO-ગુજરાતે જે બે હોસ્પિટલોને કિડનીઓ અને હ્રદય ફાળવવામાં આવ્યા હતા તેમણે અંગોનો સ્વીકાર કર્યો અને તેમના હાથોની ફાળવણી ROTTO (રીજીયોનલ ઓર્ગન એંડ ટીસ્યુ ટ્રાંસ્પ્લાંટ ઓર્ગેનાઇઝેશન) દ્વારા બીજા રાજ્યના દર્દીને કરવામાં આવી હતી તેમની ટીમે બને હાથોનો સ્વીકાર કર્યો અને બધા અંગોનુ પ્રત્યારોપણ દર્દીઓમાં તારીખ ૦૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યું.

૧૮. રિઝર્વ બેંક ઓફ ઇંડિયા માંથી નિવૃત થયેલ ૭૫ વર્ષીય ગૃહસ્થ અમદાવાદમાં તેમના પત્ની સાથે રહેતા હતા. બને દીકરાઓને ઉચ્ચ શિક્ષણ આપ્યુ અને તે લોકો ઓસ્ટ્રેલીયા સ્થાયી થયા હતા. પરિવારની જવાબદારીઓ પણ સુપેરે નીભાવી સંતોષની લાગણી સાથે આંનદીત જીવન વ્યતીત કરતા હતા. તારીખ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ તેમને ચક્કર આવવા અને બોલવામાં થોડી તકલીફ થવા લાગી હતી. યોગાનુયોગ તેમનો મોટો દીકરો માતા-પિતા સાથે અમદાવાદ આવ્યો હતો તે પિતાને અપોલો હોસ્પિટલમાં લઇ ગયો ત્યાં તેમના બ્રેઇનના વેઇનમાં ક્લોટ છે તેવુ નિદાન થયું અને સ્ટેન્ટ મુકવાની સલાહ આપવામાં આવી. પરિવાર તેમને સ્ટેન્ટ મુકાવવા માટે શેલ્બી હોસ્પિટલમાં લઇ ગયા અને ડોક્ટર તુષીત મેવાડાએ તેમને સ્ટેન્ટ મુક્યો પરંતુ સફળતા મળી નહી. સ્ટ્રોકના કારણે તેમનું બ્રેઇનડેથ થયુ. શેલ્બી હોસ્પિટલની ટીમે તેમને અંગદાન માટે સમજાવ્યા. તેમના દીકરા એ ઘણા વર્ષો પહેલા અંગદાનની જાગૃતી માટે યોજાયેલ બાઇક રેલીમાં ભાગ ભજવેલ તે તેને યાદ આવ્યુ અને તેણે અંગદાન માટે સંમતિ આપી. SOTTO- ગુજરાતે જે હોસ્પિટલને લીવરની ફાળવણી કરી હતી તેમણે લીવરનો સ્વીકાર કર્યો અને ૧૧ ફેબ્રુઆરી,૨૦૨૪ ના રોજ લીવરનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું.

૧૯. ૫૫ વર્ષીય ગૃહસ્થ અમદાવાદમાં તેમના પત્ની, દીકરી અને દીકરા સાથે રહેતા હતા. સરસપુરમાં કારખાનામાં લેથ મશીન ચલાવીને પરિવારનું ભરણપોષણ કરતા. પત્ની ગૃહિણી તરીકે સુપેરે પોતાનું ઘર ચલાવીને પતિને સાથ આપતી, દીકરીને સુખી ઘરે પરણાવી હતી અને દીકરો પ્રાઇવેટ જોબ કરીને માતા-પિતાને મદદરુપ થતો હતો. તારીખ ૧૧ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ સવારે ૭:૧૫ વાગે ઘરેથી નોકરીએ જવા નીકળ્યા ત્યારે પરિવારે સ્વપનેય ખબર ન હતી કે તેઓ તેમને છેલ્લી વાર જોઇ રહ્યા છે. તેમની એકટિવા પર તેમના સહકર્મી પણ બેઠા હતા ત્યાં કારે તેમને પાછળથી ટક્કર મારી. બને જણા રસ્તા ઉપર પટકાયા આ જોઇ લોકો ભેગા થઇ ગયા. તેમાંથી એક જણા એ તેમના ફોન ઉપરથી તેમના દીકરાને ફોન કર્યો અને ૧૦૮ બોલાવી સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં તેમને લઇ ગયા. સિવિલ હોસ્પિટલની ટીમે તેમને બ્રેઇનડેથ જાહેર કર્યા. તેમના સાઢુભાઇના પિતાનો પણ ૨૦૦૫ માં અકસ્માત થયેલ અને બ્રેઇનડેથ જાહેર કરાતા તેમના અંગોનું દાન IKDRC-ITS ખાતે કરવામાં આવેલ તેથી તરત જ તેમના સાઢુભાઇ એ પોતાના સાળી એટલેકે દાતાના પત્ની અને બાળકોને અંગદાન કરવા સમજાવ્યા. પરિવારે અંગદાન માટે સંમતિ આપી. જેમાં SOTTO-ગુજરાતને સિવીલ હોસ્પિટલ, અમદાવાદના મેડિકલ સુપ્રીટેન્ડન્ટ ડોક્ટર રાકેશ જોષી અને તેમની સંપુર્ણ ટીમે સક્રીય સહયોગ આપ્યો. જ્યાં IKDRC-ITS ની ટીમે ઓપેરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો અને તારીખ ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ અંગોના પ્રત્યારોપણ દર્દીઓમાં કરવામાં આવ્યા.

૨૦. મુળ પાટણ જોડે રાનેર ગામના ૩૨ વર્ષીય યુવકે કામધંધા અર્થે પરિવાર સાથે ગાંધીધામમાં વસવાટ કર્યો હતો. તેમને ૭ વર્ષ અને ૩ વર્ષના બે બાળકો છે. વેલ્ડીંગનું કામ કરીને પરિવાર નો નિર્વાહ કરતા અને પત્ની અને બાળકો સાથે આંનદથી જીવતા હતા. તારીખ ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૩૦ વાગે પત્ની રસોડામાં રસોઇ બનાવી રહ્યા હતા અને તેમણે પત્ની ને પુછયું કે જમવાનું બનવામાં કેટલી વાર છે? પત્ની એ કીધું કે બસ થોડી વારમાં જ થઇ જશે તો તેમણે કીધુ કે હુ બહાર જઇ ને આવું છુ પછી સાથે જમીશુ આ પત્ની સાથેની તેમની છેલ્લી વાતચીત હતી. ઘરમાંથી નીકળ્યા અને થોડીવારમાં જ પત્ની પર ફોન આવ્યો કે તેઓ રસ્તા પર બેભાન અવસ્થામાં પડ્યા છે. પત્ની તેમની પાસે દોડી ગઇ અને ૧૦૮ માં રામબાગ સરકારી હોસ્પિટલમાં લઇ ગયા ત્યાંથી તેમને ભુજ અદાણી હોસ્પિટલમાં લઇ જવાની સલાહ મળી તેથી તેમને ત્યાં લઇ જવામાં આવ્યા. પતિની ગંભીર પરિસ્થિતી ને પામી જઇ સઘન સારવાર માટે પત્ની એ તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા. પરંતુ તેમનું બ્રેઇનડેથ થઇ ચુક્યું હતુ. તેમના પત્ની આઘાતથી તુટી ગયા હતા પંરતુ બાળકોના ચહેરા નજર સમક્ષ આવતા જ તેમણે તરત જ મન મક્કમ કર્યુ અને સ્વસ્થતા કેળવી લીધી હતી. સિવિલ હોસ્પિટલની ટીમે તેમને અંગદાન માટે સમજાવ્યા. ડોક્ટરોની વાત ને સમજીને અંગદાન માટે સંમતિ આપી. SOTTO, ગુજરાતને સિવીલ હોસ્પિટલ, અમદાવાદના મેડિકલ સુપ્રીટેન્ડન્ટ ડોક્ટર રાકેશ જોષી અને તેમની સંપુર્ણ ટીમે સક્રીય સહયોગ આપ્યો. જ્યાં IKDRC-ITS ની ટીમે ઓપેરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો જ્યારે યુ.એન.મહેતાની ટીમે હ્રદયનો સ્વીકાર કર્યો. તારીખ ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ અંગોના પ્રત્યારોપણ દર્દીઓમાં કરવામાં આવ્યા.

૨૧. ૭૨ વર્ષીય કર્મષ્ઠ ગ્રુહસ્થ રાજકોટમાં પેટ્રોલીયમ શોપના પ્રોપરાઇટર હતા. પત્ની, બે દીકરાઓ અને દીકરીનો પરિવાર ધરાવતા ગૃહસ્થ તારીખ ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ રાત્રે ૧૦:૩૦ વાગે ઘરેથી જમીને પોતાના મોટા ભાઇના દીકરાના ઘરે એકટીવા પર જતા હતા, ઘરે થી થોડેક જ દૂર પહોંચ્યા અને ઇલેક્ટ્રીક બાઇક વાળાએ સામેથી તેમને ટક્કર મારી. તેઓ રસ્તા પર પટકાયા જ્યાં આ અકસ્માત થયો ત્યાં તેમના દીકરાના મિત્રો ચોકમાં બેઠા હતા તરત જ તેઓ દોડી આવ્યા

અને ગાડીમાં નજીકની કુંદન હોસ્પિટલમાં લઇ ગયા અને બનાવની જાણ મિત્રને કરી. પરિવાર હોસ્પિટલ દોડી આવ્યો અને તેમને વધુ સારવાર માટે વોકાર્ટ હોસ્પિટલ લઇ ગયા. તેમના માથાના ભાગે ઘણી ઇજાઓ થઇ હતી ડોકટરો એ તેમનું ઓપરેશન કર્યુ પરંતુ પરિવારના મોભીના જીવવાની આશાનો દીવો ઓલવાઇ ગયો. ન્યુરોસર્જન ડોકટર કાંત જોગાણી અને ટીમે તેમને બ્રેઇનડેથ જાહેર કર્યા અને અંગદાન માટે સમજાવ્યું. તેમના ભાઇના દીકરાની પણ કિડની ફેઇલ થયેલ અને તેમની ડાયાલીસીસ પરની તકલીફોને પરિવાર સારે રીતે જાણતો હતો. ભાઇના દીકરાની પત્નીએ તેમને પોતાની એક કિડની આપી પ્રત્યારોપણ કર્યુ હતુ અને તેના પછીની સવસ્થ જીવન ના આનંદ ને પણ પરિવાર સુપેરે જાણતો હતો તેથી તેમણે જરુરીયાતમંદ દર્દીઓને નવજીવન આપવા પરિવારના મોભીના અંગોનું દાન કરવાનું નક્કી કર્યુ. SOTTO- ગુજરાતને જાણ કરવામાં આવી અને વોકાર્ટ હોસ્પિટલ ના ડોકટર વિશાલ ભાલોડી અને ડોકટર જય ત્રિવેદીએ સહકાર આપ્યો. જ્યાં IKDRC-ITS ની ટીમે ઓપરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો અને રોડ માર્ગે ગ્રીન કોરીડોરની મદદથી અંગોને અમદાવાદ લાવવામાં આવ્યા અને તારીખ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ અંગોના પ્રત્યારોપણ દર્દીઓમાં કરવામાં આવ્યા.

૨૨. ૧૭ વર્ષ નો કિશોર માતા-પિતાના ત્રીજા નંબરનું સંતાન હતો. મધ્યપ્રદેશના ભાટ જીલ્લાના નિવાસી આ પરિવાર મજૂરી કરીને જીવન નિર્વાહ કરતા હતા. સહુથી મોટો દીકરો જે વીસ વર્ષનો હતો અમદાવાદ જોડે ગાંધીનગરમાં એક કંસ્ટ્રકશન સાઇટ ઉપર મજૂરી કામ કરતો અને તેને સાથ આપવા ૧૭ વર્ષનો નાનો દીકરો પણ જોડાયો. સાઇટની જોડે જ કાચા મકાનમાં બને ભાઇઓ રહેતા હતા. પરિવારને મદદરુપ થવા માંગતા આ કિશોરનું આયુષ્ય બસ આટલુ જ હતુ. તારીખ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ સવારે સાઇટ ઉપર લિફ્ટનું કામ ચાલુ હતું અને તે માંચડા ચઢ્યો હતો, ઉપરથી પગ લપસતા ઉંચાઇ ઉપરથી નીચે પટકાયો. તેનો ભાઇ આ જોઇને જ ફસડાઇ પડ્યો બીજા મજૂરો તેને તાત્કાલીક GMERS હોસ્પિટલ, ગાંધીનગર લઇ ગયા અને ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો. જ્યાં તેને બ્રેઇનડેથ જાહેર કરવામાં આવ્યો. પરિવારને સિવીલ હોસ્પિટલના મેડીકલ સુપ્રીટેન્ડન્ટ ડોકટર રાકેશ જોષી અને ટીમે તેમને બ્રેઇનડેથ વિશે માહિતી આપી અને અંગદાન કરવા માટે સમજ આપવામાં આવી. સહુથી પહેલા તો પરિવાર માટે દીકરાના મૃત્યુને સ્વીકારવુ જ મુશ્કેલ હતુ પરતું ધીમે ધીમે તેમણે તે સ્વીકાર્યુ અને પરિવારમાં અંગદાન માટે ચર્ચા કરી અંગદાન કરવું તે વિષય જ તેમની માટે નવો હતો તે છતા તેમના દીકરા થકી કોઇકનું તો સારુ થશે બસ તે જ સમજને તેમના મને સ્વીકારી અને અંગોના દાન માટે સંમતિ આપી. સિવિલ હોસ્પિટલની ટીમે SOTTO- ગુજરાત ને જાણ કરી અને તેથી તાત્કાલીક અંગદાનના કાર્યને હાથ પર ધરવામાં આવ્યુ. જ્યાં IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો. જ્યારે યુ.એન.મહેતા હોસ્પિટલે હ્રદયનો સ્વીકાર કર્યો. દર્દીઓમાં તારીખ ૨૯ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ આ અંગોના પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

૨૩. ખંભાલી ગામ, ખેડા જીલ્લાના ૬૩ વર્ષીય ગૃહસ્થ સળિયા સેન્ટીંગનું કામ કરતા અને તેમનો પરિવાર પણ છુટક મજુરી કરતો. તેમના પત્નીનું અવસાન પહેલા જ થયું હતુ અને તેઓ પોતાના દીકરા, પુત્રવધુ પૌત્ર સાથે રહેતા હતા. તારીખ ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બાઇક ઉપર તેમની સાથે જ કામ કરતા એક છોકરા સાથે ખંભાલી રેલ્વે સ્ટેશન જોડે તેમના કામકાજની જગ્યાએ ગયેલ. તે વખતે કામ કરતાં અચાનક એક ઊંચી જગ્યા પરથી પટકાયા તરત જ બીજા મજૂરો અને સાથે કામ કરતા લોકો ભેગા થઇ ગયા અને તેમને તાત્કાલિક નજીકમાં આવેલી કાશીબા હોસ્પિટલ, મહેમદાબાદ ખાતે લઈ જવામાં આવ્યા. ત્યાં તેમને પ્રાથમીક સારવાર આપી વધુ સઘન સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખસેડવામાં આવ્યા. મગજમાં થયેલ ગંભીર ઇજાઓ ના કારણે તેમનું બ્રેઇનડેથ થઇ ચુક્યું હતું. સિવિલ હોસ્પિટલના મેડીકલ સુપ્રીટેન્ડન્ટ ડોકટર રાકેશ જોષી અને ટીમે પરિવારને બ્રેઇનડેથ વિશે માહીતી આપી અને અંગદાન કરવા માટે સમજાવ્યા. તેમના દીકરા તથા તેમના મોટા ભાઇએ તુરંત જ અંગદાન માટે સંમતિ આપી. સિવિલ હોસ્પિટલની ટીમે SOTTO- ગુજરાત સાથે સંકલન કરી અંગદાનના કાર્યને હાથ પર ધર્યુ. IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો. દર્દીઓમાં તારીખ ૦૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ આ અંગોના સફળતાપુર્વક પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

૨૪. ૩૬ વર્ષીય યુવક પોતાના માતા-પિતા, ભાઇ-ભાભી અને તેમના બાળકો સાથે અમદાવાદમાં રહેતો હતો. તેના પિતા કોલ ઇંડીયામાં નોકરી કરતા હતા અને નિવૃત થયા બાદ તેમણે સાડીઓની દુકાન કરી હતી તેપણ પિતા સાથે દુકાનમાં કામ કરતો હતો. ડીસેમ્બર ૨૦૨૦ માં તેની તબિયત બગડતા ડોકટરોને બતાવતા તેમણે રિપોર્ટ કરાવ્યા અને તેમ્ની કિડની ફેઇલ થઇ છે તેવું નિદાન થયુ. પહેલા તો તેમનું ડાયાલીસીસ IKDRC-ITS માં થતુ હતુ પરંતુ ઘરથી હોસ્પિટલ દુર પડતા તેમણે ઘરની નજીક જ ગુજરાત ડાયાલીસીસ પ્રોગ્રામ કે જે IKDRC-ITS અને ગુજરાત સરકારના સહયોગથી ચાલે છે તેની ઘુમા શાખામાં ડાયાલીસીસ કરાવતા હતા. તારીખ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રાત્રે તેની તબિયત બગડતા ઇમરજન્સીમાં ડાયાલીસીસ કરાવવા માટે તેના ભાઇ કારમાં લઇ જતા હતા ત્યં ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલની નજીક પહોંચ્યા હશે ને તેમને કાર્ડીયાક એરેસ્ટ થયુ અને ભાઇ તેને તાત્કાલીક સારવાર મળી રહે તે માટે તેને ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલમાં લઇ ગયા તેમને CPR આપીને હ્રદય ચાલુ કરવામાં આવ્યુ પંરતુ તેમના મગજને ઓક્સીજન ના મળતા બ્રેઇન ડેથ થયું. આપણુ અંગ ફેઇલ થઇ જાય તો કેટલી પીડા સહન કરવી પડે છે તે આ પરિવાર સુપેરે જાણતો હતો. તેથી તરત જ તેના ભાઇ એ તેના લીવર ના દાનનું નક્કી કર્યુ. SOTTO- ગુજરાતને આની જાણ કરવામાં આવી અને SOTTO- ગુજરાતે જે દર્દીમાં લીવરની ફાળવણી કરી હતી તે દર્દીમાં લીવરનું પ્રત્યારોપણ તારીખ ૫ માર્ચ,૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યું.

૨૫. ૨૪ વર્ષીય યુવક મુળ નાના ભાડીયા, માંડવી તાલુકાના વતની હતો. તેમના પિતા, ત્રણ ભાઇઓ સાથે કડીયા કામ કરતો. કુલ ચાર ભાઇઓ અને બે બહેનોમાંથી સહુથી મોટા દીકરા તરીકે પરિવારની જવાબદારી ખંતપૂર્વક નિભાવનાર યુવકના લગ્ન ત્રણ મહિના પહેલા જ થયા હતા. તારીખ ૦૪ માર્ચ, ૨૦૨૪ ની રાત્રે પત્નીને તેમના કીડાણા ગામના પિયરે મુકવા ગયા હતા અને ત્યાંથી પાછા ફરતા તેમની બાઇકને કારે ટક્કર મારી અને કાર ભગાડી મુકી. કેટલીય વાર સુધી તેઓ રસ્તા ઉપર જ બેભાન અવસ્થામાં પડી રહ્યા. ધીમે ધીમે લોકો ભેગા થયા તેમાંથી કોઇ એ પોતાના મોબાઇલમાં તેમના ફોટા પાડી વાયરલ કર્યા. આ ફોટો તેમના પાડોશી જે હોમગાર્ડમાં કામ કરે છે તેમના મોબાઇલમાં આવ્યો તેઓ તરત જ ઓળખી ગયા અને તેમના ઘરે દોડી ગયા અને તેમના ભાઇ ને બતાવ્યું. બને ભાઇ ઓ સ્કુટી લઇને ઘટનાસ્થળે દોડી ગયા અને સ્કુટી પર જ ભાઇ ને લઇને રામબાગ હોસ્પિટલ લઇ ગયા ત્યાં સારવાર થવી શક્ય ના લાગતા તેમને ડીવાઇન લાઇફ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા. ડોકટર પ્રસાદ ટેમકર એ તેમની સારવાર ચાલુ કરી અને પરિવારને તેમની ગંભીર તબીયત વિષે પણ જાણ કરી હતી. અંતે તેમને બ્રેઇનડેથ જાહેર કર્યા. પરિવારના મોટા દાદાના મૃત્યુ પછી તેમની આંખોનુ દાન કરવામાં આવ્યુ હતુ અને તેના દ્વારા એક કિશોરીને નવી દ્રષ્ટિ મળી હતી તે બનાવ પરિવારને યાદ આવ્યો અને તેમણે તરત જ અંગદાનની સંમતિ આપી. તેમના બીજા નંબરના ભાઇએ પિતાને જણાવ્યુ કે શરીર તો માટી છે અને છેલ્લે માટી જ થઇ જશે તો આપણે

પણ મોટા દાદાની જેમ અંગદાન કરીને કોઇક ને તો નવુ જીવન આપીએ. પિતાએ પણ દીકરાની આ વાતને સ્વીકારી. SOTTO- ગુજરાતે ડીવાઇન લાઇફ હોસ્પિટલ સાથે સંકલન કરીને અંગદાનની પ્રક્રીયાને હાથ ધરી તેમના કિડની, લીવર અને હ્રદયના અંગોનો સ્વીકાર કર્યો. આદીપુર થી લીવરને અમદાવાદ રોડ માર્ગે પહોંચાડવાનુ કાર્ય કપરું હતુ. પરંતુ પોલિસ વિભાગે સરાહનીય કાર્ય કર્યુ અને ગ્રીન કોરીડોરની વ્યવસ્થા કરી ટાઇમસર લીવર અને કિડનીઓને IKDRC-ITS ખાતે પહોંચાડવામાં આવ્યા અને પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

૨૬. ૬૮ વર્ષીય ગૃહસ્થ ઇલેક્ટ્રીકલ એન્જીનીયર હતા. પત્ની અને બે દીકરાઓના પરિવાર ધરાવતા તેઓ વર્ષોથી અમેરીકામાં સ્થાયી થયા હતા. હોટેલ ઈંડસ્ટ્રીસ નો વ્યવસાય સાથે સંકળાયેલા તેમનું મુળ ગામ બાબેન હતુ જે સુરત જીલ્લામાં આવેલુ છે. તેમના ભાઇ બહેનો અને અન્ય કુટુંબીજનો અહીયા જ વસવાટ કરતા હતા. તેઓ અને તેમના પત્ની અવારનવાર તેમના ગામ આવી ૨-૩ મહિના રોકાતા અને પોતાના મુળ વતનની માટી સાથે નો સંબધ દિલથી બાંધી રાખ્યો હતો. આ વખતે પણ પતિ-પત્ની પોતાના વતનમાં આવ્યા હતા અને તેમનો નાનો દીકરો તેમને લેવા આવ્યો હતો. પાછા જવાની તૈયારી ચાલતી હતી અને તે જ દિવસે સવારે નાસ્તો કરીને ઉઠ્યા અને વોશ બેસીનમાં હાથ ધોવા ગયા અને અચાનક ચક્કર આવીને પડ્યા. દીકરો તેમને નજીકની હોસ્પિટલમાં લઇ ગયો ત્યાં સીટી સ્કેન કરાવતા પરિસ્થિતી ગંભીર હોવાનુ જણાયુ તેથી તાત્કાલીક તેમને સુરતની આઇ.એન.એસ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા ત્યાં સ્ટ્રોકના કારણે તેમને બ્રેઈંડેથ જાહેર કરવામાં આવ્યા. તેમના દીકરા એ ત્વરીત અંગદાનનો નિર્ણય લીધો. ડોનેટ લાઇફ સંસ્થાએ તેમાં સક્રીય ભાગ ભજવ્યો. SOTTO- ગુજરાતે અંગદાનની કાર્યવાહી હાથ ધરી અને જે હોસ્પિટલને લીવરની ફાળવણી કરી તેમણે સુરત જઇ લીવરનો સ્વીકાર કર્યો અને દર્દીમાં તેનુ પ્રત્યારોપણ તારીખ ૦૮ માર્ચ, ૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યું.

૨૭. ૭૫ વર્ષીય ભાવનગરના પરિવારના પ્રેમાળ વડીલના પતિનું મૃત્યુ કોવીડમાં થયુ થયુ હતુ. ૨૦૧૪ માં બે હ્રદયના એટેક આવી ચુક્યા હતા અને તેથી તેમના હ્રદયની નળીઓમાં સ્ટેન્ટ મુકવામાં આવ્યા હતા. તેમનો મોટો દીકરો હાલમાં અબુધાબીમાં કામ અર્થે પોતાના પરિવાર સાથે રહે છે અને નાનો દીકરો ભાવનગરમાં પ્રાથમીક શાળામાં નોકરી કરે છે તેમની સાથે રહેતા. દિવાળી પહેલા તેમના મોટા દીકરાએ તેમને આગ્રહ કર્યો હતો કે અબુધાબીમાં સ્વામીનારાયણનુ મંદિરનુ અનાવરણ છે તો તો મારી સાથે રહે તેથી તેઓ છ મહિના દીકરાના ત્યાં રહી તારીખ ૦૪ માર્ચ,૨૦૨૪ ના રોજ વતન પરત ફર્યા ત્યારે તેમના ભત્રીજા એ આગ્રહ કર્યો કે બા તમે મારા ઘરે થોડા સમય રહો અમને તમારું સાનિધ્ય બહુ જ ગમે છે તેથી ભત્રીજાના આગ્રહને વશ થઇ અમદાવાદ તેના ઘરે રોકાયા. તારીખ ૦૯ માર્ચ,૨૦૨૪ ના રોજ બપોરે જમવા બેઠા અને ત્યાં જ બ્રેઇન સ્ટ્રોકના કારણે બેભાન થઇ ગયા. પરિવાર તેમને શ્રીજી હોસ્પિટલ લઇ ગયા અને ત્યાંથી પરિવાર તેમને કાકડીયા હોસ્પિટલ લઇ ગયા. બને દીકરાઓ માં પાસે દોડી આવ્યા. આખરે તેમની તબિયતમાં સુધારો ન થતા તેમને ભાવનગર આરોગ્યમ હોસ્પિટલમાં ખસેડવાનું નક્કી કર્યુ. ત્યાં તેમને બ્રેઇનડેથ જાહેર કર્યા. આરોગ્યમ હોસ્પિટલના ડોક્ટર પ્રકાશ ભટ્ટ અને ડોકટર ભરતભાઇ એ પરિવારને અંગદાને કરવા સમજાવ્યા. બંને દીકરાઓ એ માતાના અંગોનું દાન કરવા સંમતિ આપી. SOTTO- ગુજરાતે અંગદાન માટેનુ સંકલન ત્વરીત હાથ ધર્યુ. તેણે લીવરની ફાળવણી જે હોસ્પિટલને કરી હતી તેમણે તાત્કાલીક ભાવનગર પહોંચી લીવરનો સ્વીકાર કર્યો તારીખ ૧૩ માર્ચ, ૨૦૨૪ ના રોજ લીવરનું દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યું.

૨૮. અમદાવાદની ૨૧ વર્ષની દીકરી માતા-પિતાની સહુથી મોટી અને લાડકી દીકરી હતી. નાનો ભાઇ એ ૧૨ માં ધોરણની પરીક્ષા આપી છે અને એ પોતે જે.જી.કોલેજમાં ફીઝીયોથેરાપીના છેલ્લા વર્ષ માં ભણતી હતી. તે હમેશા તેના પિતા સાથે ચર્ચા કરતી કે મૃત્યુ પછી આપણા અંગોનું દાન કરવુ જોઇએ જેથી જરુરીયાતમંદોને નવુ જીવન મળી શકે. કોલેજમાંથી તેમની પોસ્ટીંગ હોસ્પિટલોમાં કરવામાં આવતી હોય છે જેથી તેમને પ્રેક્ટીકલ જ્ઞાન મળી રહે તે અભ્યાસ અને તેના પ્રેક્ટીકલ વર્કને ખંતપુર્વક કરતી. તારીખ ૧૪ માર્ચ,૨૦૨૪ ની સવાર પરિવાર માટે ગોઝારી નીવડી. સવારે તેનુ પોસ્ટીંગ Poly હોસ્પિટલ ખાતે હોવાથી તે એકટીવા ઉપર હોસ્પિટલ જવા નીકળી અને રોડ ઉપર સિગ્નલ બંધ થતા ઉભી હતી અને પાછળથી પુરપાટ આવતી કારે તેને અડફેટે લીધી અને લગભગ ૨૫ ફૂટ સુધી તે કારની નીચે રસ્તા ઉપર ઘસડાઇ. તેનું હ્રદય બંધ થઇ ગયુ હતુ. એક રાહદારી એ આ જોયુ અને તેણે ૧૦૮ એમબ્યુલંસની રાહ ના જોતા તેને પોતાની કારમાં મેડીલિંક હોસ્પિટલ લઇ ગયા ત્યાં CPR આપી હ્રદયને ચાલુ કરવામાં આવ્યુ પરંતુ ત્યાં સુધી મગજને ઓકસીજન ના પહોંચતા મગજને ઘણુ નુકશાન થઇ ચુક્યુ હતુ. વધુ સઘન સારવાર માટે તેને ઝાયડસ હોસ્પિટલમાં લઇ જવામાં આવી ત્યાં ડોકટરો એ ઘણો પ્રયત્ન કર્યો પણ સફળતા ના મળી. આખરે તેને બ્રેઈંડેથ જાહેર કરવામાં આવી. પરિવારે પોતાની હસ્તી રમતી દીકરીના મૃત્યુને ભારે હ્રદયે સ્વીકાર્યુ પરંતુ તેની જે ઇચ્છા હતી કે મારું અંગદાન કરજો તેને પિતાએ પુરી કરવા અંગદાનની સંમતિ આપી. SOTTO- ગુજરાતે જે દર્દીઓમાં કિડની અને લીવરની ફાળવણી કરી હતી તે દર્દીઓમાં કિડની અને લીવરનું પ્રત્યારોપણ તારીખ ૧૬ માર્ચ, ૨૦૨૪ ના રોજ પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

૨૯. ૪૨ વર્ષીય ગૃહીણીએ જીવનમાં ઘણો સંઘર્ષ કરીને બે દીકરાઓનો ઉછેર એકલા હાથે કર્યો હતો. મુળ બનાસકાંઠાના વતની દીકરાઓ કચ્છમાં મજૂરી અર્થે સ્થાયી થયા હતા તેથી માતા પણ તેમની સાથે રહેતા હતા. તારીખ ૨૦ માર્ચ ૨૦૨૪ ના રોજ દીકરાની બાઇકની પાછળ બેસીને જતા હતા ત્યાં રસ્તામાં ખાડો આવ્યો અને દીકરાનું બેલેન્સ ગયું તેઓ રસ્તા ઉપર પડી ગયા. દીકરાને નજીવી ઇજાઓ થઇ પણ માતાને ગંભીર ઇજાઓ થઇ દીકરો તરત જ તેમને અદાણીની મુંદ્રા હોસ્પિટલમાં લઇ ગયો જ્યાં તેમની સારવાર ચાલુ થઇ. તેમના સબંધી ડોકટર વીરડીયા યુ.એન.મહેતા હોસ્પિટલમાં કાર્ય કરે છે. દીકરાઓએ તેમનો સંપર્ક કર્યો તેમણે પરિસ્થિતીની ગંભીરતા પારખી તેમને સિવીલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે લઇ આવવાની સલાહ આપી. પરિવાર તેમને સિવિલ હોસ્પિટલમાં લઇ આવ્યો અને તેમની સઘન સારવાર શરુ થઇ પરંતુ તેમના મગજને ગંભીર ઇજાઓ થઇ હતી તેથી સફળતા મળી નહી અને તેમને બ્રેઇનડેથ જાહેર કરવામાં આવ્યા. સિવીલ હોસ્પિટલની ટીમે અને ડોકટર વીરડીયાએ તેમના દીકરાઓ ને અંગ-દાન માટે સમજાવ્યા. દીકરાઓએ અંગદાનની સંમતિ આપી અને SOTTO- ગુજરાતે સિવિલ હોસ્પિટલની ટીમ સાથે સંકલન કરીને અંગદાનની પ્રક્રીયા હાથ ધરી. IKDRC-ITSની ટીમે તેમના કિડની અને લીવરનો સ્વીકાર કર્યો અને તારીખ ૨૩ માર્ચ, ૨૦૨૪ ના રોજ આ અંગોના પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

૩૦. ૫૦ વર્ષીય હોમીયોપેથી ડોકટર સુરતમાં પોતાના પરિવાર સાથે રહેતા હતા અને ત્યાં જ પ્રેક્ટીસ કરતા હતા. પરિવારમાં માતા, પત્ની, અને દીકરી હતા. શિક્ષીત પરિવાર ના તેમને તારીખ ૧૮ માર્ચ, ૨૦૨૪ ના રોજ ચક્કર આવ્યા અને શરીરમાં નબળાઇ આવી તેથી તરત જ તેમણે ડોકટર દીશાંક શાહ નો સંપર્ક કર્યો તેમણે એમ.આર.આઇ નો રિપોર્ટ કરાવતા મગજની નળીઓમાં બ્લોકેજ આવ્યું તેથી તેમને આઇ.એન.એસ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા અને ત્યાંથી તેમને શેલ્બી હોસ્પિટલ ખાતે લઇ જવામાં આવ્યા. ત્યાં તેમના મગજની નસમાં સ્ટેન્ટ મુકવાની પ્રક્રીયા કરવામાં આવી. પરંતુ ડોકટરોને સફળતા મળી નહી અને તેમની તબીયત બગડતી ગઇ અંતે તેમને બ્રેઇન્ડેથ જાહેર

કર્યા. તેમની માતા, પત્ની અને પુત્રી એ વર્તમાનપત્રોમાં અંગદાન વિષે ઘણું વાંચ્યુ હતું તેથી અંગદાનના મહત્વની માહીતી હતી. પરિવાર ને જ્યારે ડોકટરોની ટીમે અને ડોનેટ લાઇફના નિલેશ માંડલેવાલા એ અંગદાન વિશે જણાવ્યુ અને તરત જ પરિવારે આ તો ઇશ્વરીય કાર્ય છે તેમ કહી સંમતિ આપી દીધી. SOTTO- ગુજરાતને જાણ કરાતા જ અંગદાનના કાર્ય નેઆગળ ધપાવ્યું. IKDRC-ITSની ટીમે તેમના કિડની અને લીવરનો સ્વીકાર કર્યો, યુ.એન.મહેતાની ટીમે હ્રદયનો સ્વીકાર કર્યો અને ફેફસા જે હોસ્પિટલને ફાળવવામાં આવ્યા હતા તે હોસ્પિટલે ફેફસાનો સ્વીકાર કર્યો. તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૪ ના રોજ આ અંગોના પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

૩૧. ૭૫ વર્ષીય ઇલેક્ટ્રીકલ એન્જીનીયર સુરતના નિવાસી હતા. પત્ની અને બે દીકરાઓ કે જે પોતાના ક્ષેત્રમાં ઉંચા હોદ્દા ઉપર કાર્યરત છે તેમની સાથે નિવૃતીની પળોને આંનદથી જીવતા હતા. તારીખ ૨૨ માર્ચ, ૨૦૨૪ ના રોજ તેમની ગરદનમાં અસહ્ય દુખાવો ઉપડ્યો તેથી તેમણે મહાવીર હોસ્પિટલના સ્પાઇન સર્જન ડોકટર ધ્રુવીન પટેલ નો સંપર્ક કર્યો. સીટી સ્કેન થી તેમના મણકામાં ઇંફેકશન હોવાનુ જણાયું તેથી તારીખ ૨૩ માર્ચ, ૨૦૨૪ ના રોજ તેમના મણકાના બગાડને દૂર કરવાનું ઓપરેશન હાથ ધર્યુ પણ બાદમાં તેમને બ્રેઇન સ્ટ્રોક નો હુમલો આવતા તેમનું બ્રેઇન ડેથ થયુ હતુ. મહાવીર હોસ્પિટલની ટીમે તેમને બ્રેઇનડેથ જાહેર કર્યા. ડોનેટ લાઇફ સમાજ સંસ્થાના સ્થાપક નિલેશ માંડલેવાલાના તેઓ પિતરાઇ ભાઇ હતા તેથી પરિવાર ઘણા વર્ષોથી તેમની અંગદાન ની પ્રવૃતિને જાણતી હત્તી તેથી તેમને અંગદાન ની માહીતી હતી જ. અને તેમણે જીવતા જીવ પરિવારને જણાવ્યું હતુ કે જો મારૂ મૃત્યુ થાય તો મારા અંગોનું દાન કરજો. નિલેશભાઇ પણ હોસ્પિટલ ખાતે ભાઇ પાસે પહોચ્યા અને પરિવારે તેમને અંગદાન માટે પરિવાર સહમત છે તે જણાવ્યુ અને SOTTO- ગુજરાતને જાણ કરી અને તેણે તરત જ અંગદાન માટે સંકલન હાથ ધર્યુ. SOTTO- ગુજરાતે જે હોસ્પિટલને લીવરની ફાળવણી કરી તેમની ટીમે લીવર નો સ્વીકાર કર્યો. તારીખ ૨૫ માર્ચ, ૨૦૨૪ ના રોજ લીવરનું પ્રત્યારોપણ કરવામાં આવ્યુ.

૩૨. ૨૮ વર્ષીય ગૃહિણી સુરતમાં પોતાના નાનકડા સંસારમાં પતિ અને ૭ વર્ષ ના બે જોડીયા બાળકો જેમાં એક દીકરી અને એક દીકરો હતો સુખેથી રહેતી હતી. તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૪ ના રોજ સવારે બાળકો ને ટ્યુશનમાં મુકવા ગયા હતા અને ઘરે પાછા આવીને તેમના સાસુંને જણાવ્યું કે મને સારુ નથી લાગતુ હું રુમમાં જાઉ છુ અને થોડીવાર આરામ કરીને આવું છુ. સવારે ૧૧:૩૦ વાગે બાળકોને ટ્યુશનમાં લેવા જવાનો સમય થઇ ગયો તે છતા તે રુમની બહાર આવ્યા નહી તેથી તેમના સાસુએ રુમ નો દરવાજો ખખડાવ્યો પંતુ તેમણે ખોલ્યો નહી તેથી પરિવારે રુમનો દરવાજો તોડીને અંદર ગયો તો તેઓ બેભાન અવસ્થામાં હતા. ઊલ્ટીઓ થયેલી હતી. પરિવાર તરત જ તેમને પી.પી.માનીયા હોસ્પિટલમાં લઇ ગયો ત્યાં તેમની ગંભીર પરિસ્થિતીના તેમને ઇકમો સિસ્ટમ ઉપર લેવા પડ્યા. પરંતુ તેમનું બ્રેઇનડેથ થયું. ડોકટર સંકેત ઠક્કર, આયુષ ગોળકીયા, મિત્તલ કોઠારી, જયદીપ હીરપરા અને ટીમે તેમના બ્રેઇનડેથ વિષે પરિવારને જાણ કરી. જીવનદીપ ઓર્ગન ડોનેશનની ટીમે અને ડોકટર નિલેશ કાછડીયા એ અંગદાન માટે પરિવારને સમજાવ્યા. પરિવાર માટે પોતાની વહુ અને પિયરપક્ષે પોતાની દીકરીના ના મૃત્યુ ને સ્વીકારવું બહુ જ મુશ્કેલ હતુ પંરતુ છેવટે તેમના પતિ અને માતા-પિતાએ અંગદાનની સંમતિ આપી. હોસ્પિટલે SOTTO- ગુજરાતને જાણ કરી અને તેણે તરત જ અંગદાન માટે સંકલન હાથ ધર્યુ. SOTTO- ગુજરાતે જે હોસ્પિટલને લીવરની ફાળવણી કરી તે હોસ્પિટલની ટીમે સુરત જઇ કિડની અને લીવરનો સ્વીકાર કર્યો અને શ્ટ્ટઠ્- ગુજરાત દ્વારા કિડનીની ફાળવણી નિયમાનુસાર બે હોસ્પિટલોના દર્દીઓને કરી અને તારીખ ૨૯ માર્ચ, ૨૦૨૪ ના રોજ આ અંગોના પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

૩૩. ૭ વર્ષીય બાળક વલવાડા ગામે જે સુરત જીલ્લામાં આવેલ છે ત્યાં પોતાના દાદા-દાદી, માતા-પિતા સાથે રહેતો હતો. માતા-પિતાનું એકમાત્ર સંતાન પરિવારની આંખોનો તારો હતો. તેના પિતા ઇટોના મેન્યુફેક્ચરર્સ ના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને માતા ગૃહિણી છે. તારીખ ૨૫ માર્ચ,૨૦૨૪ ધુળેટીનો તહેવાર હતો સ્કૂલોમાં રજા હતી અને આ બાળક પોતાના મિત્રો સાથે રમતો હતો. તે ઘરની બાલ્કનીના પહેલા માળે હતો અને તેના બીજા મિત્રો નીચે ઉભા હતા. નીચેથી મિત્રો બોલને ઉપર બાલકનીમાં ફેંકતા અને તે તેને કેચ કરીને બોલ નીચે ફેંકતો હતો. એક વાર બોલ બાલ્કનીથી થોડે દૂર હતો અને તેને લાગ્યું કેતે કેચ પકડી લેશે પણ એવુ ના થયુ અને તેનું બેલેન્સ ગયુ અને તે બાલ્કનીમાં થી નીચે પડ્યો આ બનાવ તેના પિતરાઇ ભાઇ એ દુરથી જોયો અને તે દોડ્યો બુમાબુમ કરી અને પરિવાર દોડી આવ્યો તેને સારવાર માટે નજીકના પ્રાથમીક આરોગ્ય કેંદ્ર માં લઇ ગયા ત્યાંથી તેમને મોટી હોસ્પિટલમાં લઇ જવાની સલાહ આપી તેથી પિતરાઇ ભાઇ પાસે ગાડી હતી તેમાં તેને સરદાર પટેલ હોસ્પિટલ બારડોલી લઇ જવા માટેનીકળ્યા ત્યારે તેમની સાથે પ્રાથમીક આરોગ્ય કેંદ્ર ના સુપરવાઇઝર પણ હતા ત્યાં જ રસ્તામાં તેનું હ્રદય બંધ થયુ સુપરવાઇઝરે તેને CPR આપતા હ્રદય ફરીથી ચાલુ થયુ. તેને સરદાર પટેલ હોસ્પિટલમાં લઇ ગયા અને ત્યાં સી.ટી.સ્કેન કરવામાં આવ્યો તેના રિપોર્ટ ની ગંભીરતા પામી તેને સુરતની નિર્મલ હોસ્પિટલમાં ખસેડાયો. ન્યુરો સર્જન ડોકટર હિતેશ ચિત્રોડાએ પરિવારને તેની ગંભીર પરિસ્થિતી ની જાણ કરી અને ઓપેરેશન કર્યુ પંરતુ તેનો સાથ પરિવાર સાથે આટલો જ લખાયો હતો. ડોકટર ચિત્રોડા અને ટીમે તેને બ્રેઇનડેથ જાહેર કર્યો. ડોકટર નિર્મલ ચોરડીયા અને ટીમે જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉંડેશનને જાણ કરી તેથી તરત જ તેમની ટીમ હોસ્પિટલ ખાતે પહોચી તેમણે અને ડોકટર નિલેશ કાછડીયા એ પરિવારને અંગદાન માટે સમજાવ્યા અને માર્ગદર્શન આપીને નિર્ણય લેવામાં સહાયરુપ બન્યા. પરિવારે અંગદાન માટેસંમતિ આપી અને SOTTO- ગુજરાતે તરત જ સંકલન હાથ ધર્યુ. IKDRC-ITSની ટીમે તેમના કિડની અને લીવરનો સ્વીકાર કર્યો અને તારીખ ૨૯ માર્ચ, ૨૦૨૪ ના રોજ આ અંગોના પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

# દાનની વિગત

| દાતાશ્રીનુ નામ | રકમ (રૂ ) |
|---|---|
| પ્રમોદ લાલચંદ નિર્વાણી | ₹ ૧૨,૦૦,૦૦૦ |
| મીનલ નીતિન જૈન | ₹ ૧૦,૦૦,૦૦૦ |
| નલિની વિક્રમ મહેતા | ₹ ૮,૦૦,૦૦૦ |
| સર્વો-મેડ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ | ₹ ૮,૦૦,૦૦૦ |
| ડૉ. વિક્રમ એમ મહેતા | ₹ ૬,૦૦,૦૦૦ |
| નેમનાથ ઇન્ડસ્ટ્રીઝ | ₹ ૫,૦૬,૦૦૦ |
| લલિતાબેન જશવંતભાઈ પંચાલ | ₹ ૫,૦૦,૦૦૦ |
| જસવંતભાઈ પ્રહલાદભાઈ પંચાલ | ₹ ૫,૦૦,૦૦૦ |
| આનંદજીવાલા ફેમિલી ટ્રસ્ટ | ₹ ૫,૦૦,૦૦૦ |
| નિરંજન મહેશ શાહ | ₹ ૫,૦૦,૦૦૦ |
| ઓમપ્રકાશ ઉગમરાજ ભંડારી | ₹ ૫,૦૦,૦૦૦ |
| ઈન્દુ ઓમપ્રકાશ ભંડારી | ₹ ૫,૦૦,૦૦૦ |
| અમિત ઓમપ્રકાશ ભંડારી | ₹ ૫,૦૦,૦૦૦ |
| અંકિત ઓમપ્રકાશ ભંડારી | ₹ ૫,૦૦,૦૦૦ |
| અમદાવાદ મર્કેન્ટાઇલ કો.ઓ.પી. બેંક લિમિટેડ | ₹ ૫,૦૦,૦૦૦ |
| મારુતિ એજન્સીઓ (ભારત) | ₹ ૪,૦૦,૦૦૦ |
| આનંદી કૌશિક | ₹ ૩,૭૫,૦૦૦ |
| સંભવનાથ ટ્રેન્ડ્ઝ પ્રાઈવેટ લિમિટેડ | ₹ ૩,૫૪,૦૦૦ |
| વ્રજેશ ટ્રેડિંગ કોર્પોરેશન | ₹ ૩,૦૦,૦૦૦ |
| શયન લિંગૂ બીડીવાલા એન્ડ કંપની | ₹ ૨,૦૦,૦૦૦ |
| એમએસ એન્જિનિયર્સ | ₹ ૨,૦૦,૦૦૦ |
| મનોજ રમણલાલ જોષી | ₹ ૨,૦૦,૦૦૦ |
| ઇન્ટરનેશનલ બિઝનેસ કન્સલ્ટન્ટ્સ | ₹ ૨,૦૦,૦૦૦ |
| ઇન્ટરટ્રેડ એન્ટરપ્રાઇઝ | ₹ ૨,૦૦,૦૦૦ |
| લોમી એન્ટરપ્રાઇઝ પ્રાઇવેટ લિમિટેડ | ₹ ૨,૦૦,૦૦૦ |
| હરીશભાઈ કાંતિલાલ શાહ | ₹ ૧,૫૦,૦૦૦ |
| કૌશિક ગોકલદાસ | ₹ ૧,૫૦,૦૦૦ |
| ચટલા નરસૈયા રામૈયા | ₹ ૧,૨૫,૦૦૦ |
| મિહિર મનહરલાલ અજમેરા | ₹ ૧,૨૦,૦૦૦ |
| અજય વિમલભાઈ શાહ | ₹ ૧,૧૧,૦૦૦ |

| દાતાશ્રીનુ નામ | રકમ (રૂ ) |
|---|---|
| મંગળભાઈ છગનભાઈ નાયક | ₹ ૧,૦૨,૦૦૦ |
| ચેતના ઉમેશ શાહ | ₹ ૧,૦૦,૧૦૦ |
| મનોરમા હરીશ શાહ | ₹ ૧,૦૦,૦૦૦ |
| ચંદુભાઈ આશાભાઈ પટેલ | ₹ ૧,૦૦,૦૦૦ |
| કીર્તિકુમાર અમૃતલાલ શાહ | ₹ ૧,૦૦,૦૦૦ |
| નટવરલાલ મંગળદાસ પટેલ | ₹ ૧,૦૦,૦૦૦ |
| અશ્વિન મનુભાઈ શાહ | ₹ ૧,૦૦,૦૦૦ |
| કમલેશ શશિકાંત મહેતા | ₹ ૧,૦૦,૦૦૦ |
| અનુજ ટ્રેડર્સ | ₹ ૧,૦૦,૦૦૦ |
| રંજન મનહરલાલ શેઠ | ₹ ૧,૦૦,૦૦૦ |
| મૃણાલિની ગુલાબભાઈ દેસાઈ | ₹ ૧,૦૦,૦૦૦ |
| વેલજીભાઈ નાથુભાઈ ધાનાણી | ₹ ૧,૦૦,૦૦૦ |
| વૈશાલ અજયભાઈ શાહ | ₹ ૧,૦૦,૦૦૦ |
| તત્વ ફાઉન્ડેશન | ₹ ૧,૦૦,૦૦૦ |
| કિશોર પી. લવીંગિયા | ₹ ૧,૦૦,૦૦૦ |
| શ્રીજી ટ્રેડર્સ | ₹ ૧,૦૦,૦૦૦ |
| રેણુકા રાજેન્દ્ર દેસાઈ | ₹ ૧,૦૦,૦૦૦ |
| ગણેશ ઇન્ડસ્ટ્રીઝ | ₹ ૧,૦૦,૦૦૦ |
| નીતિન પી પટેલ | ₹ ૧,૦૦,૦૦૦ |
| વેસ્ટર્ન ટ્રેડિંગ કંપની | ₹ ૧,૦૦,૦૦૦ |
| વર્ષા શાંતિલાલ પરીખ | ₹ ૧,૦૦,૦૦૦ |
| ઇલા વી મહેતા | ₹ ૧,૦૦,૦૦૦ |
| હર્ષિદા વી ઝીંઝુવાડિયા | ₹ ૧,૦૦,૦૦૦ |
| ગુજરાત અંબુજા કો-ઓપ બેંક લિમિટેડ | ₹ ૯૦,૦૦૦ |
| વિભૂતિ દેવેન્દ્રભાઈ દવે | ₹ ૮૫,૦૦૦ |
| આશિષ રજનીકાંત જોષી | ₹ ૭૫,૦૦૦ |
| કિરણ કાંતિલાલ શાહ | ₹ ૬૫,૦૦૦ |
| હસમુખ સી. મહેતા | ₹ ૬૧,૦૦૦ |
| જીગર મહાસુખલાલ શાહ | ₹ ૬૦,૦૦૦ |
| યોગેશ નવનીતલાલ શાહ | ₹ ૫૧,૦૦૦ |

| દાતાશ્રીનુ નામ | રકમ (રૂ ) |
|---|---|
| શાંતિ અશોક મહેતા | ₹ ૫૧,૦૦૦ |
| કિરણ જયંતીલાલ શુક્લા | ₹ ૫૧,૦૦૦ |
| ક્રિએટિવ એન્જિનિયર્સ | ₹ ૫૧,૦૦૦ |
| ભૂપેન્દ્ર લક્ષ્મીપ્રસાદ પટેલ | ₹ ૫૧,૦૦૦ |
| ચેતન માણેકલાલ પટેલ | ₹ ૫૧,૦૦૦ |
| ફાલ્ગુનીબેન ચેતનભાઈ પટેલ | ₹ ૫૧,૦૦૦ |
| અગ્રવાલ પોલી પ્લાસ્ટ | ₹ ૫૧,૦૦૦ |
| ગીતાબેન મણિરામ અગ્રવાલ | ₹ ૫૧,૦૦૦ |
| પીએસ મિસ્ત્રી કન્સલ્ટન્ટ્સ | ₹ ૫૧,૦૦૦ |
| સુખાબેન કિરીટભાઈ શાહ | ₹ ૫૦,૦૦૦ |
| સુબોધ શાંતિલાલ શાહ | ₹ ૫૦,૦૦૦ |
| રમણીકલાલ પ્રેમશકર રાવલ | ₹ ૫૦,૦૦૦ |
| ભારતીબેન એમ વોરા | ₹ ૫૦,૦૦૦ |
| ભારતીબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી | ₹ ૫૦,૦૦૦ |
| ગ્લોબલ ફ્લુઇડટેક સિસ્ટમ્સ | ₹ ૫૦,૦૦૦ |
| કમલેશ એસ. મહેતા(એચયુએફ) | ₹ ૫૦,૦૦૦ |
| દશરથભાઈ મણીલાલ પટેલ | ₹ ૫૦,૦૦૦ |
| નીતા વાડીલાલ પરીખ | ₹ ૫૦,૦૦૦ |
| ભરત જે કાપડિયા | ₹ ૫૦,૦૦૦ |
| સાહેબા એજન્સીઓ | ₹ ૫૦,૦૦૦ |
| સતીષ રતિલાલ દવે | ₹ ૫૦,૦૦૦ |
| પ્રતાપરાય વી મહેતા | ₹ ૫૦,૦૦૦ |

| | |
|---|---|
| Ratnamani Metals and tubes | TEG - 6 - Hemostasis Analyzer System ₹ 1,45,0000 |
| HDFC Bank | Ultrasound - BK 5000 ₹ 70,00,000 |
| Ratnamani Metals and Tubes | Lithotripsy - LithoEVO ₹ 25,00,000 |
| Gujarat Ambuja Exports Limited | Urodynamic System ₹ 30,00,000 |


ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ
(ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૦૯/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

શ્રીમતી ગુલાબબેન રસિકલાલ દોશી અને શ્રીમતી કમળાબેન મફતલાલ મહેતા
ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર

ડૉ. એચ. એલ. ત્રિવેદી ઈન્સ્ટીટ્યુટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ

કેમ્પસ ૧ : સિવીલ હોસ્પિટલ કેમ્પસ,
અસારવા, અમદાવાદ -૩૮૦૦૧૬
ફોન. નં. ૦૭૯-૪૯૦૧ ૭૦૦૦, ૦૭૯-૨૨૬૮ ૭૦૦૦

કેમ્પસ ૨ : મંજુશ્રી મિલ કમ્પાઉન્ડ,બળિયા લિંબડી ચાર રસ્તા,
અસારવા, અમદાવાદ -૩૮૦૦૧૬
ફોન. નં. ૦૭૯-૨૨૬૮ ૭૫૦૦.
Email:- ikdrcits@ikdrcits.in Website:-www.ikdrc-ts.org